શ્રી

ભજન ભંડાર.

શાંતાકારં ભુજગશયનં પદ્મનાભં સુરેશં,
વિશ્વાધારં ગગનસદૃશં મેઘવર્ણં શુભાંગં;
લક્ષ્મીકાંતં કમલનયનં યોગિભિર્ધ્યાનગમ્યં,
વન્દે વિષ્ણું ભવભયહરં સર્વલોકૈકનાથમ્.

અર્થઃ—શાંત આકારવાળા, શેષ નાગ ઉપર શયન કરનારા, કમળ જેની નાભીમાંથી નીકળ્યું છે એવા, દેવતાઓના ઇશ્વર, વિશ્વના આધાર રૂપ, આકાશ જેવા નીર્લેપ, મેઘના જેવા વર્ણવાળા, શુભ અંગવાળા, ઐશ્વર્યના સ્વામી, કમલ જેવા નેત્રવાળા, યોગીઓના ધ્યાનમાં લેવા યોગ્ય, સંસારના ભયનો નાશ કરનારા, સર્વ લોકોના એક નાથ એવા જે સર્વવ્યાપક ભગવાનને હું નમસ્કાર કરૂં છું.

આવૃત્તિ ત્રીજી નકલ ૫૦૦૦

કિંમત એક આનો.

હે
પ્રભુ!
તમે એક
છો, અખંડ છો,
અનંત છો, વ્યાપક છો,
નિર્વિકાર છો, સર્વાધાર છો,
સકળ વિશ્વના સ્વામી છો અને
સર્વશક્તિમાન્ છો. તમે સર્વ ગુણોના
નિધિ છો, તમે દયાના સાગર છો, અને તમે
અધમ ઉધ્ધારણ છો. તમારો મહિમા અગાધ
છે, તમારૂં ડહાપણ અપાર છે, તમે રાજાઓના રાજા
તથા દેવોના પણ દેવ છો, અને તમારી અકળ ગતિનો
કોઈ પાર પામી શકતું નથી. હે મહા મંગળકારી
અખંડ સચ્ચિદાનંદ પરમકૃપાળુ પવિત્ર પિતા
મહાન ઇશ્વર! તમારા એવા ગુણો ને
મ્હોટાઇમાં અમારૂં મન લય કરવા
માટે અને તમારી સત્ય સેવા કર-
વાને ખાતર શુધ્ધ અંતઃકર-
ણના પ્રેમથી માનપૂર્વક
હજારો હજારવાર
દંડવત્ પ્રણામ
કરીએ
છીએ.

ॐ

परमात्मने नमः

१

ભજમનગોવિંદા, ગોવિન્દા,હાંરે તું છોડ જગતકા ફંદા (ટેક).
નિરાકાર નિર્લેપ નિરંજન, સત્ચિત્ આનંદા (૨)
જાકો બ્રહ્માદિક મુનિ ગાવે, પાવે સુખકંદા–ભજ૦
રામ કૃષ્ણ પરબ્રહ્મ સનાતન, ગાવત મુનિવૃંદા (૨)
તાકો જો અવતાર કહત હે, સો નર મતિમંદા–ભજ૦
સદ્ગુરૂ કરૂણા કરહી મીટાયો, મમ ભવ દુઃખ ફંદા (૨)
દેવકૃષ્ણ પદ પુરણ પાયો, એહી પરમાનંદા–ભજ૦

૨

ભૂલીભૂલીમૂર્ખતુંદશને,જતી વૃથાકરેજીંદગાની-હારેજતી૦
પુણ્ય પ્રભાવે દેહને પામી, પ્રારબ્ધ યોગે સમૃધ્ધી જામી;
નથીનથી અંતમાં એકરે,તુજસાથે કદી આવવાની–ભૂલી૦

ઉદય તેનો અસ્ત લે માની, જાણી લે અંતે થાવું છે વાની
ચેતીચેતીમૂર્ખકર યત્નરે,જેથીથાએ સફલજીંદગાની-ભૂલી૦

૩

સીતાપતિ રામની સેવા, જાણો મન મીઠા મેવારે
કમાઇ શી કમાયો, ગીરધર લાલ ન ગાયો રે
બેઠાં બેઠાં ફેરવ્યુ નાણું, ન જાણ્યું રાત ને વહાણુ રે.
માળા તને ન ગમે દીઠી, નિંદ્રા તને લાગે મીઠી રે.
ડહાપણે તો ડાટ વાળ્યો, ધર્મનો માર્ગ ટાળ્યો રે.
ચતુરાઇ ચૂલે પડી, હરિ ભજવાની આ ઘડી રે.
જોબનીયું અટકયુ લટકયું, ઘડી એક ચારનું ચટકું રે.
જવાનીના જોરમાં માતો, હીંડે છે રંગમાં રાતો રે.
કાયા તારી કાચનો કુપો, હીંડે ત્યારે દેશનો સુબો રે.
પરપોટો ફુટી જાશે, શી ગતિ તાહરી થાશે રે.
આવ્યો ત્યારે લાભ લેવા, જાશે ત્યારે મુળગુ ખોવા રે.
આવ્યો ત્યારે બાંધી મુઠી, જમડા લેશે લુંટી રે.
કહું છું તો કર્મ ફુટયા, કરી લે અધુરા પુરા રે.
રાવણ સમ લંકાપતિ, મંદોદરી રાણી સતી રે.

પવન ઘેર ભરે પાણી, નવે ગ્રહ બાંધ્યા તાણી રે.
એવા નર ગયા ઉડી, પછાડે ધુળની મુઠી રે.
સગું તારૂ સુખનું બેલી, લેશે નાણાંની થેલી રે.
અલંકાર અંગમાં રહેશે, કાષ્ટમાં ફુંકી દેશે રે.
કુંદારો તો છોડી લેશે, પછાડી રડીને રહેશે રે.
દયારામ દાસ કહે છે, ભજે તેનો તોલ રહે છે રે.

૪

સાર છે સાર છે સાર છેરે, સીતારામરટણમાં સાર છે. (ટેક)
મનુષ્યાદેહપામીને રામવિસાર્યા, ધિક્તેનોઅવતારછેરે—સી.
મનુષ્યાદેહપામીનેસ્મરણભૂલ્યો, તેનેકલ્યાણનીવારછેરે—સી.
કુસંગ કરનારનો સંગ કર્યાથી, જમનો મોટો મારછેરે—સી.
લક્ષચોરાસીનાફેરારે ફરતાંમનુષ્યાદેહછેલો અવતારછેરે—સી.
કહે હરીજન ગુરૂ પ્રતાપે, રામ રટ્યાથી ભવપાર છેરે—સી.

૫

એકસમેવહ્યું જાવુ, જગતમાંથી એક સમે વહ્યું જાવું (ટેક)
અંતે આ છે કાચી કાયા, શું રોવું ને શું ગાવું—જગત.
રંકનેરાયનો એક દીનારો, શું હસવુંશું અકળાવું—જગત.

પરમાર્થમાં પ્રીતી ધરતાં, કેમ મુખે કરમાવું—જગત૦
હાથમાંહી હરિ હીરલો લેતાં, શા માટે શરમાવું—જગત૦
કરજોડીને હરિજનો કહે છે, ગાણું શ્રીકૃષ્ણનું ગાવું—જગત૦

૬

સીતા અને રામજીરે (૨) સંસારસિંધુ તારશે રે;
કરી લ્યોને ભજન તણો રે વેપાર—સીતા૦
સમજુ અને શાણારે (૨) રામરસ ચાખજોરે,
એ તો દેશે સુખ અપરમપાર—સીતા૦
રઘુનાથ રૂપાળારે (૨) સુંદર ઘનશ્યામજી;
એ તો પ્રભુ દશરથનારે કુમાર—સીતા૦
રામજી રૂપાળા રે (૨) જનકજીના જમાત્ર;
આનો ગઇ મિથીલાપુરીરે મોઝાર—સીતા૦
સાબેરાના સ્વામીરે (૨) હરી અંતરજામીરે,
કરજો મારી વારૂં જગત કીરતાર—સીતા૦

૭

રઢીઆળા રૂપાળા રે, નંદજીના લાલજી (ટેક)
એ તો મારા વહાલાજી છે મમપ્રાણ—રઢીઆળા૦

મધુર મધુરરે, બોલે મીઠું માવજીરે;
ચાલે કાંઇ, લચક લચક રૂડી ચાલ—રઢીઆળા૦
ઘનશ્યામ મૂર્તિ રે, રાધાજીના વાલમારે;
કરે કેલી જમુના જીને તીર—રઢીઆળા૦
વાલેશના સ્વામી રે, બંસીવાલા કાનજીરે;
દેજો દરશન કૃપા કરી કીરતાર—રઢીઆળા૦

૮

સકળ વિશ્વના નાથ શ્રીહરિ, મલીન વાસના ટાળ માહરી.
અધિક બુદ્ધિ તું શુદ્ધ આપજે, પ્રભુ કૃપા કરી કષ્ટ કાપજે.
નવકઠી કરી ભકિત ભાવથી, નવ કથા સુણી નીજકાનથી.
ભજન ના કર્યું તેમ તાહરૂં, હરિ ભજ્યું થશે કેમ માહરૂં.
બહુ બહુ કુડાં કર્મમે કીધાં, ધન ધુતી કરી પારકાં લીધાં.
ગરીબ રંકને દુઃખ આપીઆં, તરૂ સુધર્મના તેહ કાપીઆં.
અધિક લોભની લાલચે ફસી, ફિકર ના ધરી ચિત્તમાં કશી.
કથન કંઇકુડાં મેં મુખે કર્યાં, વચન નીતિનાં સર્વે વીસર્યાં.
કર વડે કદી ધર્મ ના કર્યા, પણ અધર્મના કોથળા ભર્યા.

જગતનાથ હું ના ડર્યો જરી, લુણ હરામી મેં તુજસું કરી.
ચરણથી કદી ચાલી ના ગયો,પ્રભુ સુપંથમાં દૂર તો રહ્યો.
ચરણ પાપને પંથતો ધર્યો, દિલ વિષે નહિ તે થકી ડર્યો.
છલ પ્રપંચને ધુર્ત કામમાં નવ મુકી કદી ઓછ હામમાં.
અધમ જાતનો પ્રાણી હું ખરો,પ્રભુ તુ થી રહયો સર્વદા પરો.
કર ગમે તને તે હરિ હવે, અડું બણુ છું હું શોકને દવે.
દુઃખથી છુટકો નાથજી કરો, અગજ દાસની દીલમાં ધરો.

૯

મન રાખ સદા તુજ હાથ, હરિ, મન રાખ સદા તુજ હાથ.
નવ કરવા દે ઉતપાત, હરિ, મન રાખ સદા તુજ હાથ.
કુટેવ વાળુ મન છે ભમરાળુ (૨)
વાસનાઓ પોતામાંહે વસાવે, એમાંથીઇચ્છા અનેક જણાવે,
વિષયો દેખાય કે તેમાં ફસાવે, કર્મો કરાવે ને કાળ ગુમાવે;
છઉ પરવશ એને તાત, હરિ, મન રાખ સદા તુજ હાથ.
હુ નવ ચાહું છતાં દુઃખી થાઉ (૨)
તે કરનાર ખરેખર નો તું, મનનો માલેક તનેજ ગોતું,

આણીદયાહવે મુજભણી જોતુ, સેવકના હિતમાંચિત્તપ્રોતું,
થઇ શરણે લાગું પાય, હરિ, મન રાખ સદા તુજ હાથ.

૧૦

સેવક સંસારમાં આથડે, સહાય કરો વિઠ્ઠલનાથ,
માયાથી રે ઉગારજો. ઝાલી માહરો હાથ--સેવક૦
મોહ માયાની જાળમાં, ભૂલ્યો તારૂં હું નામ,
આધિ વ્યાધિ ઉપાધિમાં. કાઢુ દીનને જામ--સેવક૦
મારૂ મારૂ કરી મેળવ્યું, મારૂ નથીરે લગાર,
અતસમે છોડી ચાલવુ, એક તારો આધાર--સેવક૦
ઘણાએ ભક્તો ઉગારીઆ, પ્રભુ હે જગદીશ,
ધ્રુવ પ્રહ્લાદ અમરીખને, તાર્યાં તે હે અધીશ--સેવક૦
દ્રૌપદીની લાજ રાખવા, ઉભા સામા હો નાથ;
નવસે નવાણુ ચીરપુરીઆ, પાંડવ તાર્યા સાક્ષાત--સેવક૦
કર જોડીને વિનંતિ કરૂ, પ્રેમથી લાગું પાય;
ભવ સાગરથી ઉગારીને, રાખો હ્રદીયાની માંય--સેવક૦

૧૧

પ્રભુ છોરે સુખકારક સૌના, અગણિત બહુનામી;
અગણિત બહુનામી, દયાળુ અગણિત બહુનામી–પ્રભુ૦
પ્રેમ કટાક્ષે ભકત નિહાળી, દુર કરો પરિતાપ;
ગુણ ગીતે, ભજી પ્રીતે, શુભ રીતે, એક ચિત્તે,
આ સ્તવન કરે છે મંડળ સર્વે, ઉર ધરજો સ્વામી–પ્રભુ૦
પાલક બાલક સહુ નીજ જનનાં, ટાળક ભવથી આપ,
દુઃખ હરજો, સુખ કરજો, દીલ ધરજો, ન વિસરજો,
આ ભકત મંડળને ભકિત દેજો, ધરી અંતરજામી–પ્રભુ૦

૧૨

રે રે શિવ મોરારી, કર સુખકારી, કરૂણાળુ વિશ્વનાથ;
તારી સેવા ગુણકારી, લેજે સ્વીકારી, વિનંતિ હમારી,
કહું છુ જોડી હાથ-રેરે શિવ મોરારી કર સુખકારી૦
પાપ હમારાં પ્રલે કરીને, આપો અવિચલ સૂખ;
બાંહે ગ્રહીને તારજો શંભુ, પામું નહિ કદી દુઃખ,
રટું નામ તમારૂં, લાગે સારૂં, સૌને પ્યારૂં;
કહુ છું જોડી હાથ–રે રે શિવ મોરારી કર સુખકારી૦

આશા તમારી અંતર રાખું, ભકિત કરૂં દિન રાત;
કામ નડે નહિ સેવા કર્યાથી, ઉરે વિચારૂં વાત;
એવા કલ્યાણકારી, લેજો ઉગારી, કરી આભારી;
કહું છું જોડી હાથ—રેરે શીવ મોરારી કર સુખકારી૦
શરણે આવ્યો છું શિવજી તમારે, મુકી બીજી આશ;
ભકિત બતાવો ભાવ ધરીને, રાખો સદાશિવ પાસ,
શીરે જળની ઝારી, રીત છે ન્યારી, શિવજી તમારી,
કહું છું જોડી હાથ-રેરે શીવ મોરારી કર સુખકારી૦

૧૩

શિવજી તુમહી ભોલાનાથ હો, રે જે કરૂ મેં દરશનજી;
દરશનસેં તુંહી શંકરા, હોના મેરેકુ પ્રસન્નજી-શિવજી૦
ગગા હે જટા બીચમેં, શોભે પારવતી સંગજી;
અલખ જગાવત બનમેં, રોજે પીને હો ભંગજી—શિવજી૦
લલાટમેં ચંદ્ર બીરાજે હય, હય ગલેમેં સાપજી,
ઝોળી ઓર ડમરૂ હયહસ્તમેં, હૈ ત્રીશૂલ હાથજી—શિવજી૦

અક્ષમાલ ઓર વનમાલ હય, રૂંઢમાલ હે કંઠજી;
ચંદનકો તીલક કીયા, વિભૂત ચોળી હૈ અંગજી–શિવજી૦
તીન લોચન હે આપકું બેઠા વૃષભ વહાનજી;
ગણપતિ આપકો પુત્રહે, વાઘાંબરકા આસનજી–શિવજી૦
પાર્વતીપતિ શિવ આપ હો, કૈલાસમે વાસજી;
હરિજનકુ રાખો ચરણમેં, હુય આપકા દાસજી–શિવજી૦

૬૪

ભાવે ભકિત કરજો, સૌ જન ભોળાનાથની રે.
પ્રીતે મુકિત આપે શંકર દીનાનાથ,
એવા શિવ શંકર દેવના દેવતારે—ભાવે૦
જેના નિશદિન બ્રહ્મા વિષ્ણુ જપેછે જાપ;
એવા શિવ શંકર દેવન દેવતા રે—ભાવે૦
કૈલાસ કેરા દ્વારમાં, આનંદ અતિશે થાય.
સર્વ દેવ ભેળા થઇ, ગુણ શંકરના ગાય,
ગુણ શ્રવણ કર્યા પ્રીતે શિવ પુરાણથી રે— ભાવે૦

જેથી શરણાગત થવાની રાખું આશ;
એવા શીવ શંકર દેવના દેવતારે--ભાવે૦
સર્વેશ્વર શંકર વિભુ, સહાય થાઓ આ વાર;
સહુ સંકટો ટાળીને, ઉતારો ભવ પાર.
પાર ઉતારી ટાળો અનેક જનમના કર્મનેરે;
જેથી ટળે ભવાદિ કેરા તનમન તાપ;
એવા શિવ શંકર દેવના દેવતારે–ભાવે ભકિત૦

૧૫

જય જય શિવ ભોળા,પારવતી પતી છો આપ–પ્રભુ પાર૦
જટા વચેછે ગંગા (૨) કોટે મણિધર સાપ.
હર હર હર મહાદેવ.
કૈલાસના છો વાસી, જય શિવ ૐકારા–પ્રભુ જય૦
બ્રહ્મા વિષ્ણુ સદાશિવ (૨) અર્ધાંગે દારા–હરહર૦
ચંદનનું તીલક છે, ભસ્મે ધરી લલાટ–પ્રભુ ભસ્મ૦
વનમાં શિવજી ચાલ્યા (૨) તપકરવાને માટ–હરહર૦

ચંદ્ર લલાટે જડીયો, ગળે રૂંઢની માળ—પ્રભુ ગળે૦
ચાર ભુજા છે રૂડી (૨) ગણપતિ આપનું બાળ—હરહર૦
વાઘામ્બરનું આસન, અક્ષમાલ વનમાલ-પ્રભુ અક્ષ૦
તપ કરવા શિવ ચાલ્યા (૨) મુકીને જંજાલ—હરહર૦
કરમાં રૂડું કમંડળ, ચક્ર ત્રિશુલ છે હાથ—પ્રભુ ચક્ર૦
દુઃખ હરતા સુખ કરતા (૨) એ છે ભોળાનાથ—હરહર૦
નંદીના વાહનપર, બેઠા ત્રિપુરારિ—પ્રભુ બેઠા૦
ભકત મનુષ્યને શિવજી (૨) દીયો બુદ્ધિ સારી—હરહર૦
ભોળા શિવની આરતી હર જે કોઇ ગાશે—પ્રભુ જે કોઇ૦
કહે દાસ હરગોવિંદ (૨) સુખ સંપત્ત થાશે—હરહર૦

૧૬

નરનારાયણ પ્રભુ પ્યારા, હું ચરણે લાગું તમારા (ટેક)
ભવદુઃખ તમે હરનારા, સુખ સેવકને કરનારા;
મનિ મ ી સુ રનારા—નરનારાયણ પ્રભુ પ્યારા૦

પ્રભુ અતર ચંદન અર્ચાવુ, ફુલતુલસીની માળા ધરાવું;
હુ તનમન તમપર વારૂં—નરનારાયણ પ્રભુ પ્યારા૦
પ્રભુ મેવા મીસરી મંગાવું, પ્રભુ પ્રીતેથી આરોગાવું;
એમાં ન્યુન જરા નહીં લાવુ.—નરનારાયણ પ્રભુ પ્યારા૦
પ્રભુ પાનસોપારી મંગાવું, તજ લવીંગ એલચી નંખાવું;
હરિ હેતેથી આરોગાવું—નરનારાયણ પ્રભુ પ્યારા૦

૧૭

રૂડા ધનુષ્યધારી, મુર્તિ પ્યારી, લાગે સારી, રઘુપતિ મહારાજ.
પ્રભુ પદ રજે અહલ્યા તારી, તારી તાડકા નાર;
સુગ્રીવને રાજ સમરપ્યું, વિભીષણ શીરતાજ.
દીધી લંકાની ગાદી, બ્રહ્મ અનાદી આપ પ્રસાદી;
થયાં છે દાસોનાં કાજ—રૂડા ધનુષ્ય ધારી૦
સૂર્ય કુળમાં જન્મ લીધો, ઉતાર્યો ભૂભાર;
રૂષિ મુનીના કલેશજ કાપ્યાં, ભકતોનો કીધો ઉધ્ધાર;
છોજી અંતરજામી, બહુ નામી, નથી કંઇ ખામી;
કરજો મારાં કાજ—રૂડા ધનુષ્ય ધારી૦

સત્યાસત્ય હું નવ સમજું, સમજું ન સાર અસાર;
પૂર્ણ પ્રેમથી પધારી સ્વામી, આપ કરો ઉપકાર.
કાપો કષ્ટ મારો, દાસ તમારો, ઉર માંહે ધારો;
ભક્તોના શીરતાજ—રૂડા ધનુષ્ય ધારી૦
દયા તણા દરીયા છો સ્વામી, રાજા તણા અધીરાજ;
દાસ વાલેરાની વિનતી સુણજો, દરશન દેજો મહારાજ;
નવ જાણુ હું નીતિ, આપમાં પ્રીતિ, નથી કંઇ ગતિ;
રાખો મારી લાજ—રૂડા ધનુષ્ય ધારી૦

૧૮

આજ સખી હુ તો આનંદ પામી (૨)
પ્રગટયા શ્રી અંતર જામીરે—ચાલો જોવાને જાઇએ.
ચીરના ચંદરવાને હીરની છે દોરી (૨)
એ સુખ માણે રાધા ગોરીરે—ચાલો જોવાને જાઇએ.
સોનાનુ પારણુ ને રેશમની દોરી (૨)
ઝુલાવે જશોદા ગોરીરે—ચાલો જોવાને જાઇએ.

ફુલની છે જાળી ને ફુલની છે વાડી (૨)
ફુલી ફરે વ્રજનારી રે—ચાલો જોવાને જઇએ.
કેડે કંદોરો ને દુગદુગી દોરો (૨)
કડાં શોભે હરિને હાથેરે—ચાલો જોવાને જઇએ.
અબીલ ગુલાલ ઉડાડે છે ગોપી (૨)
કંઠડામાં ફુલ માળા રોપીરે-ચાલો જોવાને જઇએ.
મોર મુગટ શીર છત્ર બીરાજે (૨)
હરિ મુખ મોરલી બજાવેરે—ચાલો જોવાને જઇએ.
નરસિંહ મહેતાનોરે સ્વામી શામળીઓ (૨)
ગોકુળમાં છેલ છબીલોરે--ચાલો જોવાને જઇએ

૧૯

આજે આનંદ નંદજીને ઘેરરે, વ્રજમાં થાય છે લીલાલહેરરે.
ગોપીઅતીરેઉલટભર્યાઆવેરે, થાળમોતીનાભરીભરીલાવેરે.
મારાવહાલાનેવિવેકેવધાવેરે, વહાલોત્રિભોવનનાથકહેવાયેરે.
એવાં હેત ગોપીપર કીધાંરે, દહી માંખણ ચોરીને પીધાંરે.
વહાલા મથુરામાં શું મીઠું રે, એવું કુબજામાં શું દીઠું રે.

વાલો કુબ્જાનીસંગેમોહ્યારે, વાલો ગોપીઓની સાથે સોહ્યારે.
ગોકુળ આવોને વ્રજનાવહાલારે, તમે નંદજશોદાના લાલારે.
ગોકુળઆવોનેવ્રજનાવાસીરે, હુંતો તમ માટે છઉં પ્યાસીરે.
ગોકુળઆવોનેગિરિવરધારીરે, તમારી વાટ જુવે વ્રજનારીરે.
વહાલા જમુનાજી ને ઘાટેરે, તમે વસ્ત્ર હર્યાં શા માટેરે.
વહાલેગિરિગોવર્ધન તોળ્યોરે, એવો મદ ઇંદ્રનો ઉતાર્યો રે.
વહાલા વૃંદાવનની વાટેરે, તમે મહી લુંટયાં શા માટે રે.
વહાલાજમુનાજીનેતીરેરે, વહાલે મોરલીવગાડી ધીરેધીરે રે.
ધન્યધન્ય જુમનાજીનાઆરોરે, મારો સફલથયો જન્મારોરે.
ધન્યધન્ય જુમનાજીનીરેતીરે, હુંતો નિત્યચરણામૃતલેતીરે.
વહાલોવૃંદાવનરમીયારાસરે, વહાલેપુરીસર્વેગોપીનીઆશરે.
બલીહારી જાય માધવદાસરે, માગે ચરણકમળની આશરે.

૨૦

આજે આનંદ માસ રે અંગમાં (૨)
રસ વાધ્યો રૂડા સતસંગમાં (૨)
પધાર્યારે (૨) શ્રીબાલકૃષ્ણલાલ- નજરો ભરીભરીનીરખીઓ.

ધન્ય ધન્ય શ્રી વસુદેવ તાતને (૨)
ધન્ય ધન્ય શ્રી દેવકીજી માતને (૨)
જેણે જાયારે (૨) શ્રી જુગના આધાર—નજરો૦
ધન્ય ધન્ય શ્રી વૃંદારે વનને (૨)
ધન્ય ધન્ય કદમ કેરી છાંયને (૨)
મારે વહાલે રે (૨) કીધો વેણુનો નાદ—નજરો૦
ધન્ય ધન્ય શ્રી ગોકુલ ગામને (૨)
ધન્ય ધન્ય ગોકુલીયાની ગલીઓને (૨)
મારો વહાલોરે (૨) લેછે મહી કેરા દાણ—નજરો૦
ધન્ય ધન્ય શ્રી જમુનાનાં જળને (૨)
ધન્ય ધન્ય શ્રીલહેર તરંગને (૨)
ધન્ય ધન્ય રે (૨) શ્રી જમુનાના ઘાટ—નજરો૦
ધન્ય ધન્ય શ્રી ગોપીરે જનને (૨)
ધન્ય ધન્ય શ્રી વૈષ્ણવ જનને (૨)
બલીહારીરે (૨) જાય માધવદાસ—નજરો૦

૨૧

આવ્યા શ્રી ગોકુલ તારવા, છબીલો લાલ,
આવ્યા શ્રી ગોકુલ તારવા (ટેક)
વસુદેવ દેવકીને ઘેર જન્મ ધર્યા છે (૨)
નંદજીની ગૌધેન ચારવા—છબીલો૦
મારી પુતનાને વહાલે પ્રાણજ લીધાં (૨)
મામા તે કંસને મારવા—છબીલો૦
ટચલી આંગળીએ વહાલે ગોવર્ધન તોળ્યો (૨)
ઈંદ્રના માન ઉતારવા—છબીલો૦
વૃંદા તે વનની કુંજ ગલનમાં (૨)
ગોપીઓને રાસ રમાડવા-છબીલો૦
વલ્લભના સ્વામી પ્રભુ રસીક શિરોમણિ (૨)
ભોમીનો ભાર ઉતારવા—છબીલો૦

૨૨

એ વહાલે મોરલી વગાડી કાંઇ તાનમારે,
મારાં મન તો હર્યાં છે એની સાનમાં રે—વહાલે૦

ખાતાં પીતાં અમે તો ઉભા થીયાં રે (૨)
ચરૂ કરવાની શુદ્ધ તો ભુલી ગયા રે—વહાલે૦
એવી ચટપટિ લાગી મારા મનમાં રે (૨)
રાધા રમવા જાએ વૃંદાવનમાં રે—વહાલે૦
એવી આતુરતા પ્રગટી મારા અંગમાંરે (૨)
રાધા રમવા જાએ હરિના સંગમાં રે—વહાલે૦
ફરે કુદડીને તાળી લે હીચમાં રે (૨)
મારો વહાલો રમે છે પેલી ધીચમાં રે—વહાલે૦
આવો આવો શુ જાઓછો રીસમાં રે (૨)
પુરાં પહોચ્યાં નથી પંચવીસમાં રે—વહાલે૦
બ્રહ્મા ઇંદ્ર જોવાને આવિઆ રે (૨)
સાથે નારદ મુનિને લાવીઆ રે—વહાલે૦
ગુરૂ ગાય રે ગેમલ જાકે ભેદીયા રે (૨)
મુને વળગાડો ભક્તિ તણા થીયા રે—વહાલે૦

૨૩

મારા વહાલાના વનમાંય, વાગે રૂડી વાંસલડી;
હુંતો ઘેલી ફરૂં ઘરમાંય, કોણે દીધી સાંકલડી. (ટેક)

કુંભ વિના જળ ભરવા ચાલી, શીરપર મેલી ઉંઢાણીરે;
ગળણું લઈ જળ ગળવા બેઠી (૨)
કુંભની શુદ્ધ બુદ્ધ ભુલીરે–વાગે રૂડી વાંસલડી–મારા૦
ગુણીયા વિના ગૌ દોવા બેઠી, સાડી ભીંજાણી નવ જાણીરે,
વાછરૂં વાળતાં ગોપીઓએ (૨)
બાળક બાંધ્યાં તાણીરે–વાગે રૂડી વાંસલડી–મારા૦
ઘીર તાવીને છાશમાં રેડયાં, દુધમાં રેડયાં પાણીરે.
નેતરૂ લઇ નાવલીઓ બાંધ્યો (૨)
ઘરને ધણી નવ જાણ્યોરે–વાગે રૂડી વાંસલડી–મારા૦
પાત્ર વિનાનાં ભોજન પીરસ્યાં, મોદક મરચાં ભેળીરે;
સાકર વળીનાં સાક વઘાર્યાં (૨)
સેવમાં સુંઠજ ભેળીરે–વાગે રૂડી વાંસલડી–મારા૦
સાસુ કહે વહુને વઇતર વળગ્યું, અવચરીયા ઉતરાવોરે;
દિયર કહે ભોજાઇને બાંધો (૨)
સાન કરી સમજાવોરે–વાગે રૂડી વાંસલડી–મારા૦
તન મનધન મારા પ્રાણહરિને, મારો વહાલો મથુરા જાયરે;

રામકૃષ્ણ પ્રભુ એ રસ પીતાં (૨)
વારે તેને સમજાવું રે—વાગે રૂડી વાંસલડી—મારા૦

૨૪

મોરલી વાગી મને રામ નામ લેહ લાગી,
બંસી વાગી મને રામ નામ લેહ લાગી,
સદ્‌ગુરૂ શબ્દ તણી ચોંટ લાગી, માયામોહ નિદ્રાસું જાગી,
તેથી થઈ છું સરસ સોહાગીઃ
નહિ જાઉં આધી—મને રામ નામ લેહ લાગી—મોરલી૦
મનડું સદ્‌ગુરૂ સાથે મોહ્યું, ચિત્ત વીત્ત નીશ્ચે સુરતાપ્રોયું;
ઉલટું આપ તપાસી જોયું:
ભ્રમણા ભાંગી—મને રામ નામ લેહ લાગી—મોરલી૦
સદ્‌ગુરૂ અખંડ એક અવિનાશી, સર્વાતીત સબઘટવાસી;
નહિ જાઉં ગંગા જમુના કાશીઃ
ભઇ અનુરાગી—મને રામ નામ લેહ લાગી—મોરલી૦
મંળીયા સુરત રામ સદ્‌ગુરૂજી, જીનકી પરમાર્થ પર મરજી;
ચરણે આવ્યો ધરમગઢ ધરજી:
મળી મોજ માગી—મને રામ નામ લેહ લાગી—મોરલી૦

૨૫

(સાખી)

આવો હરિજન ભાવથી, ગાઇએ ગુણ જુગદીશ,
ભક્તિ કરીએ ભાવથી, કૃપા કરો હે ઇશ.
ધન્ય ધન્ય વ્રજની ભોમીકા, ધન્ય ધન્ય વ્રજની નાર,
શ્યામ સંગે ક્રીડા કરે, જે શું લીલા વર્ણવું અપાર;
રે સુંદર વેણ વાગે વેણુ વાગે.
સખી શરદ પુનમની રાત રે—સુંદર વેણુ વાગે વેણુ વાગે.
મારો વાલોજી રમીઆ રાસ રે—સુંદર વેણુ વાગે વેણુ વાગે.
એના ધુઘરીઆળા કેશ રે—સુંદર વેણુ વાગે વેણુ વાગે.
મારો વાલોજી નટવર વેષ રે—સુંદર વેણુ વાગે વેણુ વાગે.
ગોપી અતિ ઉતાવળાં આવે રે—સુંદર વેણુ વાગે વેણુ વાગે.
આવી ચરણે શીશ નમાવે રે—સુંદર વેણુ વાગે વેણુ વાગે.
શ્રીવલ્લભ પ્રભુજીની પ્રીતે રે—સુંદર વેણુ વાગે વેણુ વાગે.
રાસ રમવો છે રૂડી રીતે રે—સુંદર વેણુ વાગે વેણુ વાગે.

(સાખી)

કેમ આવ્યા તમે કામની, એમ બોલ્યા નંદકીશોર;
અધ નીશાયે વનમાં, હાંરે જેની વેળાએ ચાલે ચોરઃ
રે કામની કેમ આવ્યા, કેમ આવ્યા.

આ વનમાં તે શું છે કામરે, કામનીકેમઆવ્યાકેમઆવ્યા.
એમ બોલ્યા તેસુંદરશ્યામરે, કામનીકેમઆવ્યાકેમઆવ્યા.
જાઓજાઓને ગોપીઓઘરે રે,કામનીકેમઆવ્યાકેમઆવ્યા
વેગે જાઓને વેળા વટેછે રે, કામની કેમ આવ્યાકેમઆવ્યા.
તમનેલોકોમાંલાંછનલાગેરે, કામની કેમ આવ્યાકેમઆવ્યા.
તમારોપતિવ્રતાનોધર્મભાગેરે,કામનીકેમઆવ્યાકેમઆવ્યા.
શ્રીવલ્લભ પ્રભુજીએમકહેછેરે, કામનીકેમઆવ્યાકેમઆવ્યા.
સુખસ્નેહનીધારા વહેછેરે, કામની કેમ આવ્યાકેમઆવ્યા.

(સાખી)

તમે ભુવન તજાવીઆ, તમે તજાવ્યો સંસાર;
તમે આ વનમાં તેડાવીઆં,વહાલા તમે કરોછો તીરસ્કારઃ
રે નંદજીના નંદલાલા નંદલાલા.

તમારી ચાલજોઇહુંચમકીરે, નંદજીના નંદલાલા, નંદલાલા.
મુને વ્હાલું નથીતમથકીરે, નંદજીના નંદલાલા, નંદલાલા.
મેં તેમિલીછેલોકનીલાજ રે, નંદજીના નંદલાલા, નંદલાલા.
મારા વહાલા તમારેકાજરે, નંદજીના નંદલાલા, નંદલાલા.
મારાવહાલાદીસોછોસુજાણરે,નંદજીના નંદલાલા, નંદલાલા.
આપો આનંદ રસનાદાણરે, નંદજીના નંદલાલા, નંદલાલા.
શ્રીવલ્લભ પ્રભુજીબલીહારીરે,નંદજીના નંદલાલા, નંદલાલા.
જાઉં ચરણ કમલ પરવારીરે,નંદજીના નંદલાલા, નંદલાલા.

(સાખી)

વચન સુણી વ્રજ નારનાં, ને થૈ થૈ રમીઆ રાસ;
ઝુમઝુમ વાગે ઘુઘરી, વ્રજ સુંદરીની પુરી વાલે આશ.
રે–ગિરિવર ગીરધારી ગીરધારી.

ફરતાંગોપીઓનેવચેવનમાળી, રેગિરિવરગીરધારી ગીરધારી.
ગોપી હાથોહાથ લેછે તાળી, રે ગિરિવરગીરધારી ગીરધારી.
તીથાંજોવાનેદેવતાઓઆવ્યા, રે ગિરિવરગીરધારી ગીરધારી.
લઇ પુષ્પે પ્રભુને વધાવ્યા, રે ગિરિવર ગીરધારી ગીરધારી.

રહ્યો શરદનો ચંદ્રમા સ્થિર, રેગિરિવર ગીરધારી ગીરધારી.
ત્યાંજમુનાજીવહેછે ગંભીર, રેગિરિવર ગીરધારી ગીરધારી.
મુખે તાથૈ તાથૈતા બોલે, રેગિરિવર ગીરધારી ગીરધારી.
વ્રજવનીતાનીવચ્ચેવાલોડોલે, રેગિરિવર ગીરધારી ગીરધારી.
કોઇ સખીનાં અધરરસલુંટે, રેગિરિવર ગીરધારી ગીરધારી.
વ્રજવનીતાના અમૃતરસછુટે, રેગિરિવર ગીરધારી ગીરધારી.
શ્રી વલ્લભ પ્રભુજીને જોઇ, રેગિરિવર ગીરધારી ગીરધારી.
મારૂં મનડું રહ્યું છે મોહિ, રેગિરિવર ગીરધારી ગીરધારી.
રાસ મંડલ થયો છે પુરો, રેગિરિવર ગીરધારી ગીરધારી.
એમાં જરા નથી અધુરો, રેગિરિવર ગીરધારી ગીરધારી.
શ્રી વલ્લભપ્રભુજીની પ્રીતે, રેગિરિવર ગીરધારી ગીરધારી.
રાસ રમ્યા છે રૂડી રીતે, રેગિરિવર ગીરધારી ગીરધારી.

૨૬

વ્રજ વહાલું રે વૈકુંઠ નહિ આવું રે (૨)
મુને નવ ગમે ચતરભુજ થાવું રે (૨)
ત્યાં નંદ કુંવર ક્યાંથી લાવું રે—વ્રજ વહાલું રે૦

તીયાં લલીત ત્રિભંગી નથી ગીરધારી (૨)
સંગે સોહે રાધે પ્યારી (૨)
એમને નીરખતાં આંખ ઠરે મારીરે—વ્રજ વહાલું રે૦
વ્રજ વસવાને શિવ સખી રૂપે થયારે (૨)
એવા હરિજનો નયણે નીરખી રહયા રે (૨)
જેને ઓધવ સરીખા એક સખા થયારે—વ્રજ વહાલું રે૦
તીયાં જમુના શ્રીગીરિવર છેજ નહીં રે (૨)
મારૂં મનજ સત્ય ઠરેજ નહી રે (૨)
મારા પ્રાણ પ્રસન્ન ત્યાં રહેજ નહિરે—વ્રજ વહાલું રે૦
તીયાં શ્રી વૃંદાવન રાસ નહિરે (૨)
વ્રજ વનિતાની સંગે વિલાસ નહિરે (૨)
વિષ્ણુ વેણુ વાયાનો અભ્યાસ નહિરે—વ્રજ વહાલું રે૦
સુખ સ્વર્ગનું કૃષ્ણ વિના કડવું રે (૨)
મુને નવ ગમે બ્રહ્મસદન અડવુ રે (૨)
ધિક ધિક એ સુખ પામીને પડવું રે—વ્રજ વહાલું રે૦

૨૭

આજે આનંદ અપાર મારા અંગમાં રે લોલ;
ગુણ ગોવિંદના ગાવો સતસંગમાં રે લોલ—આજે૦
આપે મતિ ઇશ એવું ઉચરાય છે રે લોલ;
કૃપા કેશવની ઠીક જેને થાય છે રે લોલ—આજે૦
નહિ પીંગળ પુરાણ ભણી ભાખીયું રે લોલ;
રામ નામ એક રૂદે માંહે રાખીયું રે લોલ—આજે૦
દીન જાણી કવિ પંડિત દયા કરો રે લોલ;
સંત વૈષ્ણવનો આજ મુને આશરો રે લોલ—આજે૦
કર્યો ગ્રંથ હરિપથ પદ પામવા રે લોલ;
વિષય વાસના ને દેહી દુઃખ વામવા રે લોલ—આજે૦
વાસ વિશ્વંભરે આપીઓ ત્યાં મને રે લોલ;
તાબે સાદરાને પાસ પરાંતીકને રે લોલ—આજે૦
ગોત્રે ગૌતમનું ગુણનિધિ જ્ઞાનમાં રે લોલ;
હરિજનો ગુણ ગાય, ધરી ધ્યાનમાં રે લોલ—આજે૦

૨૮

બલીહારી રસીયા, ગીરધારી,સુંદર શ્યામ હો તજી અમને,
મથુરાના વાસી, આવા ન બનીએજી (ટેક).
વાંસલડી વાગી એવા ભણકારા વાગે છે (૨)
વ્રજવાટ લાગે હવે ખારી—સુંદર શ્યામ હો તજી અમને,
મથુરાના વાસી, આવા ન બનીએજી—બલીહારી૦
જમુનાનો કાંઠો વહાલા ખાવાને દોડે છે (૨)
અકળામણ દેછે હવે ભારી—સુંદર શ્યામ હો તજી અમને,
મથુરાના વાસી, આવા ન બનીએજી—બલીહારી૦
વૃંદાવન કેરી શોભા, તમ વીણ અમને તો (૨)
આંખે દીઠી નવ લાગે સારી—સુંદર શ્યામ હો તજી અમને,
મથુરાના વાસી, આવા ન બનીએજી—બલીહારી૦
ગોવર્ધન તોળ્યો વહાલા, ટચલી આંગળીએરે (૨)
અમપર ઢોળ્યો ગીરધારી—સુંદર શ્યામ હો તજી અમને,
મથુરાના વાસી, આવા ન બનીએજી—બલીહારી૦
બાઇ મીરા કહે છે પ્રભુ, ગીરધરના ગુણ વહાલા (૨)

સહાયકારી શુદ્ધ લેજો મારી—સુંદર શ્યામ હોતજી અમને,
૧૮ મથુરાના વાસી, આવા ન બનીએજી—બલીહારી૦

૨૯

હાંરે રથ ફેરો ગોકુલ રથવાલા (૨)
તમે નંદ જશોદાના લાલા રે—રથફેરો૦
ગંગારે તલપે જમુનારે તલપે (૨)
તલપે છે નદીઓ નાળા રે—રથફેરો૦
ગાયો રે તલપે વાછરૂ રે તલપે (૨)
તલપે છે ગોપ બીચારા રે—રથફેરો૦
ચંદ્રમા તલપે સુરજ તલપે (૨)
તલપે છે નવ લખ તારા રે—રથફેરો૦
વલ્લભ વિના ગોપીઓ તલપે (૨)
તલપે છે પ્રાણ હમારા રે—રથફેરો૦

૩૦

મારી બાળપણાની પ્રીતુંરે, કાંઇ નાનપણાનો નેડોરે;
મારે પ્રભુ ભજ્યાનો હેડોરે, ઓધા મંદીરવહેલા આવજોરે.

ઓઇ ઓઇને હોરીએ જાતું, બીબાં વિનાની ન પડે ભાતું;
ભાર ઝાલે ભીંતું રે—કાંઇ ભાર ઝાલે ભીતું રે—ઓધા૦ ૪
દાસી ઉપર નવ કરીએ દાવો, મારેમહોલે નવ આવે માવો,
આવડો અભાવો રે—કાંઇ આવડો અભાવોરે—ઓધા૦
આવોને વાલમ કરેએ વાતું, તમ વિના હવે નથીરેહેવાતું;
આવડી એકાંતુંરે—વહાલા આવડી એકાંતુંરે—ઓધા૦
જીવણદાસની ભાંગીયું બ્રાન્તું, ચરણદાસની પુરીયું શાખું;
વરસીયું શુંવાતુંરે—વહાલા વરસીયું શું વાતુંરે—ઓધા૦

૩૧

કોઇ મને કૃષ્ણ દેખાડોરે શ્રીગોકુળમાં,
કોઇ મને પ્રભુજી મેલાવોરે મધુવનમાં. (ટેક)
મેરી મતિ હેરી તેરો મર્મ ન જાણે (૨)
વનમાં ફરે વહાલો તનમાંરે—મધુવનમાં—કોઇ મને૦
સકલ બન ઢુંઢયા, સકલ વ્રજ ઘેરયાં(૨)
અતિરે ઉદાસી મારા તનમાં રે—મધુવનમાં—કોઇ મને૦

અમર ચીર પહેરયાં મેઘાંબર ઓઢયાં (૨)
ફુલડાં વીણતી બાગનમાં રે—મધુવનમાં—કોઇ મને૦
ફાટતાં ચીર ને હાર મારા તુટ્યા (૨)
નીર ભરયાંરે લોચનમાં રે-મધુવનમાં-કોઇ મને૦
સુરદાસ પ્રભુ તીહાંરે મીલનકું (૨)
અતીરે ઉલ્લટ મારા મનમાં રે-મધુવનમાં-કોઇ મને૦

૩૨

ગોવિંદો પ્રાણ હમારોરે, મને જગ લાગે ખારોરે;
મુંને મારો રામજી ભાવે રે,બીજું મારી નજરે ન આવેરે.
મીરાંબાઇના મહેલમાં સાધુ સંતનો વાસ;
કપટીથી હરિ દૂર વસે,મારા સંતન કેરી પાસ-ગોવિંદો.
રાણોજી કાગળ મોકલે, દેજો રાણી મીરાંને હાથ;
સાધુનીસંગત છોડીદો મીરાં, તમે વસોરાણાજીની સાથ-ગો.
મીરાંબાઇ કાગળ મોકલે, દેજો રાણાજીને હાથ;
રાજપાટ તમે છોડો રાણાજી,તમે વસો સાધુ સંગાથ-ગો.
વિષના પ્યાલા મોકલ્યા, દેજો રાણી મીરાંને હાથ;
અમૃત કરીમીરાં પીગયાં,જેને સહાય શ્રીવિશ્વનો નાથ-ગો.

સાંઢવાલા સાંઢ શણગારજે; જાવું સો સો કોશ;
રાણાજીના રાજમાં, મારે જલ પીવાનો દોષ–ગોવિંદો.
ડાબો મેલ્યો મેવાડને, મીરાં ચાલ્યાં પશ્ચિમ માંય;
સર્વે છોડી મીરાં નીસર્યારે, જેનું માયામાંમનડું ન કાંઇ–ગો.
સાસુ હમારી સુષુમણા, ને સસરો પ્રેમ સતોષ;
જેઠ જગજીવન જગતમાંરે, મારો નાવલીઓ નીરદોષ–ગો.
ચુંદડી ઓઢું તો રંગ ચુવે, ને રંગ બેરંગી હોય;
ઓઢું હું કાળો કામળો, દુજો ડાઘ ન લાગે કોય–ગોવિંદો.
મીરાં હરિની લાડકી, રહેતી સંત હજુર;
સાધુ સંગાથે સ્નેહ ઘણો, પેલા દીલ કપટીથી દૂર–ગોવીંદો.

૬૩

મુખડાની માયા લાગીરે, મોહન તારા મુખડાની૦–
મુખડું મેં જોયું તારૂં, જુગ સરવે થયું ખારૂ (૨)
મન મારૂં રહ્યું ન્યારૂં રે–મોહન તારા૦

સંસારીનું સુખ એવું, ઝાંઝવાના નીર જેવું (૨)
તેને તુચ્છ કરી ફરીએરે—મોહન તારા૦
સંસારીનું સુખ કાચું, પરણી રંડાવું પાછું (૨)
તેને ઘેર શીદ જઇએરે—મોહન તારા૦
પરણું તો પ્રીતમ પ્યારો, અખંડ સૌભાગ્ય મારો (૨)
રાંડવાનો ભય ભાંગ્યોરે—મોહન તારા૦
બાઇ મીરાં બલીહારી, આશા મને એક તારી (૨)
હવે હું તો બડ ભાગીરે—મોહન તારા૦

૩૮

વાટ જુવે છે મીરાં રાંકડી રે, ઉભી ઉભી (ટેક)
મુનિવર સ્વામી મારે, મંદીરે પધારો વહાલા (૨)
સેવા કરીશ દિન રાતડીરે—ઉભી ઉભી-વાટ૦
ફુલના તે હાર વહાલા, ફુલના તે ગજરા રે (૨)
ફુલના તોરાને ફુલની પાંખડીરે-ઉભી ઉભી-વાટ૦
પય પકવાન વહાલા, મીઠાઇને મેવા રે (૨)
ઘેબર જલેબી તલ સાંકડીરે—ઉભી ઉભી-વાટ૦

સાવરે સોનાના વહાલા, સોગઠા ઢળાવું રે (૨)
રમવા આવો તો જાય રાતડીરે–ઉભી ઉભી–વાટ૦
બાઇ મીરાં કહે છે પ્રભુ, ગીરધરના ગુણ વહાલા (૨)
તમને જોઇને ઠરે આંખડીરે––ઉભી ઉભી–વાટ૦

૩૫

નેણાંઠર્યાંછે તમ જોઇને, છબીલા લાલ નેણાંઠર્યાંછે૦ (ટેક)
જે દિનના મોહન તમે ગયા છો (૨)
તે દિન વીત્યા મુજ રોઇને—છબીલા લાલ૦
લોક લજ્જા મરજાદા તજીને (૨)
રહી છું મોહનજીને મોહીને—છબીલા લાલ૦
તમ વિના હુંતો ત્રણે ભુવનમાં (૨)
એમાં ન દીઠા મેં તો કોઇને—છબીલા લાલ૦
બાઈ મીરાં કહેછે પ્રભુ ગીરધરના ગુણ (૨)
રહીછું ચરણ ચિત્ત પ્રોઇને—છબીલા લાલ૦

૩૬

નિત્ય નિત્ય ભજીએ તારૂ નામ, તારૂં નામ, તારૂં નામ,
પ્રેમ થકી-અમોને પ્રભુરે મળ્યા હોજીરે (ટેક)

આણી તીરે ગંગા વહાલા, ઓલી તીરે જમુનારે (૨)
વચમાં ગોકળીયું રૂડું ગામ, રૂડું ગામ, રૂડું ગામરે–પ્રેમ૦
વંદ્રા તે વનમાં વહાલે, રાસ રચ્યો છે સખી (૨)
સોળસેગોપીમાં ઘેલો કાન, ઘેલો કાન, ઘેલો કાનરે–પ્રેમ૦
અન્ન ન ભાવે, નયણે નિંદ્રા ન આવે વહાલા (૨)
સેજે પધારો મારા શ્યામ, મારા શ્યામ, મારા શ્યામરે–પ્રેમ૦
બાઇ મીરાં કહે છે, પ્રભુ ગીરધરના ગુણ વહાલા (૨)
છેલ્લી બાકીના રામો રામ, રામો રામ, રામો રામરે–પ્રેમ૦

૩૭

વરમાળા તો વિઠલ વરની, છુટે છેડે ફરીએરે રાણાજી.
વર તો વિઠલ વરને વરીયે, સુણોને લાજ કોની ધરીયે.
લાજે કોની ધરીયે રાણા, કોનામલાજા કરીયેરે રાણાજી;
વર તો વિઠલ વરને વરીએ, સુણોને લાજ કોની ધરીએ.
કાગડાનીશુધ્ધિ કાઢીનાંખી, માણેકમોતી ચરીયેરે રાણાજી;
વર તો વિઠલ વરને વરીએ, સુણોને લાજ કોની ધરીએ.

સોના રૂપા સધળા તજીએ, તીલક તુલસી ધરીયેરે રાણાજી;
વર તો વિઠ્ઠલ વરને વરીએ, સુણોને લાજ કોની ધરીએ.
ચીરપટોરાં સધળાં તજીએ, ધોળાં અંગે ધરીએરે રાણાજી;
વર તો વિઠ્ઠલ વરને વરીએ, સુણોને લાજ કોની ધરીએ.
શાલીગ્રામની સેવા કરીયે, સતસગામ કરીએરે રાણાજી;
વર તો વિઠલ વરને વરીએ, સુણોને લાજ કોની ધરીએ.
હરતાંને ફરતાં સ્મરણ કરીએ, સંતની સાથે ફરીએરે રાણાજી;
વર તો વિઠલ વરને વરીએ, સુણોને લાજ કોની ધરીએ.
બાઇમીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ ચરણકમલ ચીત ધરીયેરેરા૦
વર તો વિઠલ વરને વરીએ, સુણોને લાજ કોની ધરીએ.

૩૮

પ્રભુ પાલવ પકડીને રહિછું પ્રેમથી રે,
મારા છેલ છબીલા અંતરના આધાર;
ઉભી અરજ કરે મીરાં બાઇ રામને રે-(ટેક)
મારા દાસીપાના દુઃખ સરવે દુર કરોરે,
શીશ નામું મારા સદ્‌ગુરૂને પ્રણામ;
ઉભી અરજ કરે મીરાં બાઇ રામનેરે-પ્રભુપાલવ.

(સાખી)

સાસરીઆમાં સુખ નહી, મહીયરીયે નહીં માન;
સુખ દુઃખની વાતડી, ધરતું નથી કોઇ ધ્યાન:
હવે નથી રહેવું રાણાજીના રાજમાંરે;
રાણો રોષ ભરેલો કુડો કપટી રાય—ઉભી૦—પ્રભુ૦

(સાખી)

આ સમે હરી આવજો, વિઠલ કરજો વાર;
ગોવિંદ સાથે ગોઠડી, અબળાના આધાર:
વહાલા વસમું જાણી વેગે વેહેલા આવજોરે,
નહીંતર જરૂર મારા જીવનું જોખમ થાય—ઉભી૦—પ્રભુ૦

(સાખી)

ઉંડે કુવે ઉતારીઆ તરત ત્રુટા વૃત;
તારણહારો તારશે, શામળીઓ સમરથ:
એવા વિવેકી વિઠ્ઠલને જાઉં વારણે રે;
ટળશે હરિજનોના અંતરના ઉચાટ—ઉભી૦—પ્રભુ૦

(સાખી.)

વિશ્વાસે વળગી રહી, ત્રીકમ રાખો ટેક;
આગે હીંમત આદરી, મન ધારૂં વિવેક:
એવા ભક્તિ ભાવે ભૂધર આવે ભેટવારે;
હું તો વેંચાણી છું નાથ તમારે હાથ—ઉભી૦—પ્રભુ૦

(સાખી.)

નીતિધર્મ નવછોડીએ, જ્યાં સુધી ઘટમાં પ્રાણ;
સહેજે સમુદ્દર ઉતર્યાં જેને ભેટયા શ્યામ:
એવા પૂરણ પુરૂષોત્તમ પધારજોરે;
સત્ય રાખો મારા સાચા સુંદર શ્યામ—ઉભી૦—પ્રભુ૦

(સાખી)

રૂપાળા રણછોડજી લળીલળી લાગું પાય;
રાણા ઘેર જાવું નથી જ્યાંસુધી ઘટમાં પ્રાણ
હવે શરણાગતની વારે ચઢજો વિઠલા રે;
પ્રભુ કૃપા કરીને રાખો ચરણની પાસ—ઉભી૦-પ્રભુ૦

૩૯

રામનામ રસમાં ન્હાવું, હેતે કરી હું રામનામ રસમાં ન્હાવું;
ન્હાઇને પાવન થાવું, હેતે કરી હું રામનામ રસમાં ન્હાવું.

યોગીઓ ને મુનિવર રામપદ પામવા (૨)
તપ કરેછેમનભાવું,હેતેકરી હું રામનામરસમાંન્હાવું–રામ.
સવારના પહોરમાં વેલા ઉઠીને (૨)
હેતેથીહરિગુણગાવું, હેતેકરીહું રામનામરસમાંન્હાવું–રામ.
જ્ઞાનગંગામાં નાહી ધોઇને (૨)
પ્રભુજીનુંધ્યાનલગાવું,હેતેકરીહુંરામનામરસમાંન્હાવું–રામ.
મને કર્મે અને વચને કરીને (૨)
પ્રભુજીનાપદવિષેધાવું,હેતેકરીહુંરામનામરસમાંન્હાવું–રામ.
બાઇ મીરાં કહે છે પ્રભુ ગીરધરના ગુણ (૨)
સત્સંગહોયત્યાંદોડી જાવું, હેતેકરીહું રામનામરસમાંન્હાવું;
રામનામ રસમાંન્હાવું, હેતેકરી હું રામનામ રસમાં ન્હાવું.

૪૦

મારી હુંડી સ્વીકારો મહારાજરે, શામળા ગીરધારી;
મારી હુંડી શામળીઆને હાથરે, શામળા ગીરધારી.
રાણાજીએ રઢ કરી, વળી મીરાંકેરે કાજ (૨)
ઝેરના પ્યાલા મોકલ્યારે, વહાલો ઝેરના જારણહાર રે;
શામળા ગીરધારી—મારી હુંડી સ્વીકારો મહારાજરે૦

સ્થંભ થકીપ્રભુપ્રગટીયા, વળી ધરીયાં નરસિંહ રૂપ (૨)
પ્રલ્હાદને ઉગારીઓરે, વહાલે માર્યો હરણાકંસ ભૂપરે;
શામળા ગીરધારી–મારી હુંડી સ્વીકારો મહારાજરે૦
ગજને વહાલે ઉગારીઓ, વળી સુદામાની ભાગી ભુખ (૨)
દોહલીવેળાનામારાવાલમારેતમેભક્તોને ઘણા આપ્યાસુખરે;
શામળા ગીરધારી–મારી હુંડી સ્વીકારો મહારાજરે૦
પાંડવની પ્રતિજ્ઞા પાળી, વળી દ્રૌપદીનાં પૂર્યાં ચીર (૨)
નરસિંહ મહેતાનીહુંડીસ્વીકારજોરે તમેસુભદ્રાબાઇનાવીરરે
શામળા ગીરધારી–મારી હુંડી સ્વીકારો મહારાજરે૦
સાડાત્રણસો તીરથવાસીને, વળીરૂપીઆ છ સો સાત (૨)
વહેલાપધારજોદુવારકારે, એને ગોમતીનહાયાનીઘણીખાંતરે;
શામળા ગીરધારી–મારી હુંડી સ્વીકારો મહારાજરે૦
તીરથવાસી સૌ ચાલીયા, વળીઆવ્યા નગરની માંહે (૨)
આશહેરમાંએવું કોણછે રે, જેનું શામળશા શેઠ એવું નામરે;
શામળા ગીરધારી–મારી હુંડી સ્વીકારો મહારાજરે૦
નથી બ્રાહ્મણ નથી વાણીઓ, નથી ચારણ નથી ભાટ (૨)
લોક કરે છે ઠેકડી રે, નથી શામળશા શેઠ એવું નામરે;

શામળા ગીરધારી–મારી હુંડી સ્વીકારો મહારાજરે૦
રહેવાને નથી ઝુંપડું, વળી જમવા નથી જુવાર (૨)
બેટા બેટી વળાવીઆં રે, મેં તો વળાવી ઘર કેરી નારરે;
શામળા ગીરધારી–મારી હુંડી સ્વીકારો મહારાજરે૦
ગરથ મારૂં ગોપીચંદન, વળી તુળસી હેમનો હાર (૨)
સાચું નાણું મારે શામળોરે, મારે દોલતમાં ઝાંઝ પખાજરે;
શામળા ગીરધારી–મારી હુંડી સ્વીકારો મહારાજરે૦
તીરથવાસી સૌ ચાલીઆ,વળીઆવ્યાનગરની બહાર (૨)
વેશ લીધો વણીકનોરે, મારૂં શામળશા શેઠ એવું નામરે;
શામળા ગીરધારી—મારી હુંડી સ્વીકારો મહારાજરે૦
હુંડી લાવો હાથમાં, વળી આપું પૂરા દામ (૨)
રૂપૈઆ આપું રોકડારે, મારૂં શામળશા શેઠ એવું નામરે;
શામળા ગીરધારી—મારી હુંડી સ્વીકારો મહારાજરે૦
હુંડી સ્વીકારી વાલે શામળે,વળી અરજે કીધાં કામ (૨)
મહેતાજી ફરી લખજોરે, મુજ વાણોતર સરખાં કાજરે;
શામળા ગીરધારી—મારી હુંડી સ્વીકારો મહારાજરે૦

૪૧

કરૂણાસાગરા વિશ્વનાથરે, પતિત બાળનો ઝાલ હાથરે;
તુજ તણો ખરો આશરો ધરૂં, નમીનમી નમસ્કાર હું કરૂં.

(સવૈયા.)

૪૨

દૂરહુ રામ નજીક હુ રામહુી, દેશ હુ રામ પ્રદેશહુ રામૈ;
પૂરવ રામહી પશ્ચીમ રામહી, દક્ષીણ રામહી ઉત્તર ધામૈ.
આગેહુ રામહી પીછેહુ રામહી, વ્યાપક રામહીહૈ બનથામૈ;
સુંદર રામ દશોદિશ પુરણ, સ્વર્ગ હુ રામ પતાલહુ તામૈ.

૪૩

પૂરનકામ સદા સુખધામ, નિરંજન નામ સિરંજન હારો;
સેવક હોઈ રહ્યો સબકો નિત, કીટહી કુંજર દેત અહારો.
ભંજન દુઃખદરિદ્ર નિવારન, ચિંત કરે પુનિ સાંજસવારો;
એસે પ્રભુ તજી અન્ય ઉપાસત, સુંદરહૈ તિનકો મુખ કારો.

૪૪

આપને ભાવતે સેવક સાહેબ, આપને ભાવ સબૈકોઉ ધાવૈ;
આપને ભાવતે અન્ય ઉપાસત, આપને ભાવતેભક્તહુ ગાવૈ:

આપને ભાવતે દુષ્ટ સંહારન, આપને ભાવતે બાહીર આવૈ;
જૈસોહી આપનો ભાવહૈ સુંદર, તાહીકું તેસોહી હોઇ દીખાવે.

૪૫

હારી રહ્યા મનમાંહી મુનીશ્વર, વિશ્વપતિ તણી વાત વિચારી;
તર્ક કરીકરી તત્વ જડયું નહિં, દૃષ્ટિધણી દિલ ઉંડી ઉતારી;
માન તજીઅનુમાન કરીલખ્યું, કે મનવાણી ન પોંચે હમારી.
કેમ શકે કહી કોઇ કવીશ્વર, ઈશ્વરની ગતિ વિશ્વથી ન્યારી;

૪૬

ઓ પ્રભુ તું કરૂણાકર કોમળ, કોટિ કળા તણું કારણતું છે.
ઓ પ્રભુ તુંજ અધિપતિ એક, સુધારણધર્મ ઉદ્ધારણ તું છે;
ઓ પ્રભુ તું ભયભંજન ભૂધર, ભાવિકનો ભવતારણ તું છે.
ઓ પ્રભુતું જનસર્વ તણોપતિ, દોષ દારિદ્રય વિદારણ તું છે.

૪૭

જયસુખદાયક જયદુઃખધાયક, જયવરદાયક વિશ્વવિધાતા;
જયજગકારણ જયજગધારણ, જયજગતારણ, જયજગત્રાતા;
જય ગુણકારક જય જગઠારક, દોષ નિવારક, ઇશ અજાતા;
જય વિશ્વેશ્વર જય પરમેશ્વર, દેવદિનેશ્વર જય મતિદાતા.

૪૮

જેને માનવ દેવ દાનવ બધા, સેવે સદા પ્રેમથી,
પામે પામર ધામ હામ ભજતાં નિશ્ચે નકી નેમથી.
છે આરામ વીરામ ઠામ જગમાં વિશ્રામનું ધામજે,
નકી કામ તમામ પુરણ કરે શ્રીરામનું નામ તે.

૪૯

જેની સર્વ રૂષી મુની સ્તુતી કરે સ્તોત્રે મહા સુંદર,
વેદોથી મહીમા મહાન ઉચ્ચરી ભકિત પથે સચરે;
જેનુ ધ્યાન ધરે નીરંતર સદા યોગી જનો જે બધા.
જેનો અંત અનંત પામી ન સકે તે ઇશ વંદુ સદા.

૫૦

વંદુ હું પરમેશ વ્યાપ્ત વિભુને વંદુ જગાધીશને,
વંદુ સર્વ સરણ્ય સત્ય પદને, વંદુ સદા ઇશને;
વંદુ દેવ દયાનીધી ચિદ્ઘના વંદુ હું વીશ્વેશને,
વંદુ હું પરમાત્મ પુર્ણ પ્રભુને વંદુ પરીબ્રહ્મને.

૫૧

જાઓમા જાઓમા જાઓમારે મારા વહાલા મથુરા જા૦
અકરૂડના રથ દેખી સામ વીચારે, (૨)
માવા મત માલો ભાવમાં—મારા વાહાલા મથુરા જા૦
સોલસે ગોપીયોનો સંગ તજીને, (૨)
કુબજાના સંગી થાઓ મારે—મારા વહાલા મથુરા જા૦
ટલવલતા મેલી રે તીકમજી, (૨)
નાથ નમેરા થાઓમારે—મારા વાહાલા મથુરા જા૦
કહે મીઠો પરસોત્તમ પ્રીતે, (૨)
વીખીયાં ધોલી ધોલી પાઓ મા રે--મારા વહાલા૦

૫૨

જગમાં નર નારીને સત્ય વચન એક પાળવું રે,
હરીના ચરણ કમલમાં ચીતડું સદા ચોટાડવુરે;
એવો નામ તણો પરતાપ તે સાચો માનવોરે.

સાખી

નામે કઇ નર તારીયા અને કઇકના કીધા કામ,
રોહીદાસની લીધી પાતળી એવા છો ઘનશ્યામ;
નામે નરસીંહ મેહેતાને હાર હાથો હાથ આપીયોરે,
જગમાં૦

નામે નામદેવ ભગતની છાપરીછાઇ વાહાલે હાથ,
સેના માટે સનમુખ રહી નાઇ કહેવાયા નાથ;
નામે નાઇ થઇને રાજા મોહોલે પધારીયારે,
જગમાં૦

પ્રહેલ્લાદને ઉગારીયો અને સ્થંભમાં કીધોવાસ,
હરણાકસ્યને મારીયો અને ઉગાર્યો નીજદાસ;
નામે પંચાલીન' પ્રેમે પટકુલ પુરીયારે,
જગમાં૦

તાતી કઢા સીતલ કરી સુધન્વાને કાજ,
સાગરમાં રાખ્યો બુડતો રામ કહેતા ગજરાજ;
એવા શવરી બાઇનાએઠા બોર આરોગીયારે,
જગમાં૦

ભાજી વીદુરનીજમ્યા રાખી સંતોની લાજ,
કરમાનો ખાધો ખીચડો ન જાત જોઇ મહારાજ;
એવા સુદામાના સંકટ સરવે કાપીઆરે,
જગમાં૦

પાંચ પાંડવ ઉગારીયા, ટીટાડીના બાળ,
યુધ્ધ કીધુ જેમ ભારતનુ, અને સહાય કરી ગોપાલ;
એવા મંન્જારીના, બાળ તમે ઉગારીયાંરે—જગમાં૦
મીરાંનું વીષ અમૃત કર્યું, અને પુરી મનની આશ,
અનેક ભકતઓધારીયા, એમ ગાયે ગંગારામ દાસ;
એવા અનેક ભકતને, અલબેલે ઓધારીયારે—જગમાં૦

૫૩

નીંદા મારી ભલે કરોરે, કાંઇ કંચન કાટ ન લાગે—ટેક.
ધન્ય ધન્ય લોકો અકલ તમારી, કીડી ને કુંજર લડાવે;
અણદીઠી અને વીના સાંભળી (૨) એતો બડી બડી બાત
ચલાવે—નીંદા.

જા દીનકા મેં જોગ લીયા, તન તે દીનકા મેરા મુવા,
કામ ધંધો મને કાંઇ ન સુજે (૨) પછી જગતથી થયા
જુઆ—નીંદા.

જોગ લઇને જાતા રહેશું, હરી ભજવાને કાજે,
જો ક્રીયામાં ચુક પડે તો (૨) ગુરૂજી મારો લાજે—નીંદા.

આ દુન્યામાં કોઇ પક્ષો ન પકડે, ને કેહેવું હોય તે કેહેજો;
જ્ઞાનદાસ ચરણે ગાવે ગંગારામ (૨) હરીચરણમાં રહેજો.
નીંદા મારી ભલે કરોરે, કાંઇ કંચન કાટ ન લાગે.

૫૪

પ્યારા ગોવીંદના ગુણ ગાશું, રાણાજી અમે પ્યારા ગોવીંદના
ગુણ ગાશું;

ચરણા મૃતનો, નીયમ હમારે,
નીત્ય ઉઠી મંદીર જાશું—રાણાજી અમે.
રાણોજી રૂઠશે તો, રાજ તજાવશે,
ભગવત રૂઠે મરી જાશું—રાણાજી અમે.
વિષના પ્યાલા, રાણાજીએ મોકલ્યા,
અમૃત કરીને પીઇ જાશું—રાણાજી અમે.
રામના નામની, ઝાઝ બનાવી,
તેમાં બેસીને તરી જાશું—રાણાજી અમે.
બાઇ મીરાં કહે છે, પ્રભુ ગીરધરના ગુણ,
ચરણ કમળ પર વારી જાશું—રાણાજી અમે.

૫૫

દોરી લાગી, રામૈયા દોરી લાગી,
લગ્ની લાગીરે મને, રામના નામની હોજીરે—દોરી લાગી.
પવનને પાણીનો હુ સલ્લા, કરીલે વીચાર (૨)
ઘટોઘટ દોરી બોલે, રામ રણુંકાર—દોરી લાગી.
વાગે વાગે ઘુઘરાને, વાગે સતાર (૨)
તરવેણીના તીરથ ઉપર, ખોલીદે દુવાર—દોરી લાગી.
નાભી કમળથી, ઉડી મારી દોર,
સુન્ય શીખર પર, જઇને લાગી દોર—દોરી લાગી.
ફુટી ગયા તુંબડાને, તુટી ગયા તાર (૨)
ઉડી ગયા આંમળીયાને, ગયો બજાવનહાર—દોરી લાગી.
ગુરૂરે રામૈયા તારો, પથડો બતાવ (૨)
બોલ્યા કબીર બાવો, સાહેબને આધાર—દોરી લાગી.

૫૬

ગુમાનીનાં ઘેલા રામ, જુવાનીના છેલ્લા રામ,
આવરદા તારી, વહીરે જશે એજી,
હજીએ નર તુ, ચેતી શકે તોએ ચેત (૨) ગુમાનીનાં

પાંચને પચીસરે, વીત્યા પરપંચમારેજી,
આવ્યો તારે, સાઠ વરસનોરે દીન (૨) ગુમાનીનાં.
વળીને વીસેકેરે, વનીતાને વશ થયોરેજી,
તેમાં નર તું, ભજવા ભુલ્યોરે ભગવાન (૨) ગુમાનીનાં.
એમને કાંઇ કરતાંરે, આવ્યો તારો વાયદોરેજી,
પછીએ તારા, મુખડામાં લઇને પડી ધુળ (૨) ગુમાનીનાં
ભણ્યાને ગણ્યારે, કઇક ભુલા પડયારેજી,
ભુલ્યા ભુલ્યા, પંડીત ચતુર સુજાણ–ગુમાનીનાં.
ગુરૂને પ્રતાપેરે, બાઇ મીરાં બોલીયાંરેજી,
દેજો અમને, સંતના ચરણમાં વાસ–ગુમાનીનાં.

૫૭

રૂડીને રંગીલીરે, વહાલા તારી વાંસળીરેજી,
મીઠીને મધુરીરે, માવા તારી મોરલીરેજી.
એ તો મારે, મંદીરીયે સંભળાય (૨) રૂડીને રંગીલીરે,
કાનુડો એ કાળોરે, બાઇયો મારે રૂદીયે વસ્યોરેજી.
મુકી દેને, કાહાન કુંવર મારા ચીર (૨) રૂડીને રંગીલીરે.

સરખીને સાહેલીરે, સાથે પાણી નીસર્યાંરેજી,
બેડલું મેલ્યું, સરોવરીયાનીરે પાળ (૨) રૂડીને રંગીલીરે.
ઇંઢોણી વળગાડીરે, આંબલીયાની ડાળમાંરેજી,
ઉભી નીરખું, નટવર દીન દયાળ (૨) રૂડીને.
હું ને કાંઇ સુતીરે, બાઇયો ભર નીંદમાંરેજી,
મોરલી વાગી, ઝબકીને જાગી માઝમરાત (૨) રૂડીને.
ગુરૂને પ્રતાપેરે, બાઇ મીરાં બોલીયાંરેજી,
દેજો અમને, સાધુનાં ચરણોમાં વાસ (૨) રૂડીને રંગીલીરે.

૫૮

માન સરોવર જઇએ, કુડીરે કાયા માન સરોવર જઇએ,
હંસલાની સાથે વીરા, સંગતું કરીયે (૨)
ભેગા બેસીને મોતી ચુણીયે-કુડીરે કાયા.
સાધુની સંગતે વીરા, સાધુ કહેવાયે (૨)
નીત્ય નીત્ય ગંગાજીમાં નાહીયે—કુડીરે કાયા.
માંહેલા મનડા, કેમ તું ભુલ્યો વીરા (૨)
દરશન ગુરૂજીના કરીયે—કુડીરે કાયા.
બાઇ મીરાં કહે પ્રભુ, ગીરધરનાગર (૨)
ભવસાગરથી તરીયે—કુડીરે કાયા.

પદ

શુંરે કરૂં શામળાએ, લજ્યા મોરી રાખોરે,
પુર્વની પ્રીત બંધાણીરેજી—ટેક
રતનબાઈના વાહાલે રૂપ ધરીને (૨)
પાયાં મેહેતાજીને પાણીરેજી—શુંરે કરૂં.

શામલશાની જ્યારે, સગાઇ કરાવી ત્યારે,
માંડવે કોઇ નવ આવ્યારેજી;
જાનૈયા થઇને વેહેલા આવો જગજીવન (૨)
લાજ મેહેતાજીની રાખોરેજી—શુંરે કરૂં.

વડીરે વેવાણે જ્યારે, નરસીંહ વગોવ્યો ત્યારે,
ન્યાતમાં નમેરા કેહેવાણારેજી,
ચઇતર સુદીને બારસ બુધી (૨)
ગીરધરે મેહુલા વરસાવ્યારેજી—શુંરે કરૂં.

કુંવરબાઇના જ્યારે, મામેરા પુર્યા ત્યારે,
દોશીડા થઇને વેહેલા આવોરેજી;
નાગરી ન્યાતની સભા મળીછે (૨)
રેશમની ગાંઠડી છોડાવોરેજી—શુંરે કરૂં.

રાજારે કુડાએની, પ્રજારે કુડીને,
કુડીયા દીવાલા કેહેવાણારેજી;
બેઉ કર જોડી મેહેતા, નરસીંહ બોલ્યા (૨)
હાર હૈયાનો હરી આપોરેજી—શું રે કરૂં.

૬૦

રાણાજી હું તો, ગીરધરને મનભાવી (૨) ટેક.
પુર્વજન્મની, હું વ્રજ ગોપી (૨)
ચુક થતાં અહીં આવી, રાણાજી હું તો, (૨) રાણાજી
જન્મ લીધો નૃપ, જયમલ ને ઘેર (૨)
તમસંગે પરણાવી, રાણાજી મને (૨) રાણાજી.
ગીરધર નામ હું તો, ઘડી નવ છોડું, (૨)
ભલે નાખોને મરાવી, રાણાજી મને (૨) રાણાજી.
મીરાં કહે પ્રભુ, ગીરધરના ગુણ, (૨)
ગાવા લગની લગાવી, રાણાજી મેં તો (૨) રાણાજી.

૬૧

કાયા કારણ ભેખ લીધો, રાણાજી મેં તો કાયા કારણ ભેખ લીધો.
રમતોને ભમતો જોગી, આવ્યો આંગણીયે (૨)
દાસી જાણીને દરશન દીધો—રાણાજી મેં તો.

ગીરધર વીના મુને, ઘડી નવચાલે (૨)
હરી રસ ઘોળી ઘોળી પીધો—રાણાજીમેં તો.

ઇરે કામણ મારા, કાનુડાએ કીધાં (૨)
સંસાર માંહે બેડલો લીધો—રાણાજીમેં તો.

બાઈ મીરાં કહે પ્રભુ, ગીરધરના ગુણ (૨)
જંગલ માંહે ડેરો દીધો—રાણાજીમેં તો.

૬૨

પ્રેમ પીયાલો મેં પીધોરે, જીયો સંતો પ્રેમ પીયાલો મેં પીધો

આરે જગતડાને, જોઇનેં વારોરે (૨)
અમર પછેડો કોણે લીધોરે—જીયો સંતો પ્રેમ.

આરે શરીરના, સરવે સુખડારે (૨)
તે અમે ત્યાગી દીધોરે—જીયો સતો પ્રેમ.

મારારે મનડાને, બહુરે સમજાવ્યોરે (૨)
જોગ જંગલનો મેં લીધોરે—જીયો સંતો પ્રેમ.

બાઇ મીરાં કહે પ્રભુ, ગીરધરના ગુણ (૨)
સ્વર્ગા પુરીનો મારગ લીધોરે—જીયો સંતો પ્રેમ.

૬૩

શ્રી ગણુપતી ગણ મહારાજા, તુમ રખ લ્યો મોરી લાજા.
પ્રભુ તુમ રખ લ્યો મોરી લાજા—ટેક.

સરવે દેવનમાં હો તુંમ દેવા, પ્રથમ પેહેલી તુમારી સેવા.
ફળ દાયક ફળ હો તુંમ દેવા, એસેહો મહારાજા—તુમ.
રખ લ્યો.

મોર મુગટ મકરાકૃત કુંડળ, એકદંત અતી સોભીત ઉજવળ,
લંબી સુંઢ દુંદાળો અતી બળ, એસેહો મહારાજા—તુમ.
વીઘ્ન હરણ ગવરીકે નંદન, તારણ તરૂણ અસુર નીકંદન,
ભાલ તીલક ઓર કેસરી ચંદન, એસે ગરીબ
નીવાજા—તુમ.
રૂગનાથ સીંગજી ગુણકું ગાવે, લઇ ચંગસે તાલ મીલાવે,
ફતેસીંગ ભજનમાં ગાવે, એસેહો પ્રતી પાળા—તુમ.

૬૪

ભજનનો વેહેપાર, હરી તારા નામનો આધાર,
બેડલો પ્રભુ ઉતારે ભવ પાર—કર મન ભજનનો
વેપારજી—ટેક.

પ્રથમ સમરૂં ગણુપતી, સરસ્વતીને લાગુ પાયજી (૨)
દેવના ગુરૂ દેવને સમરૂ (૨) જ્ઞાની જ્ઞાન બતાય—
કર મન ભજન.

હાડ જલે જેમ લાકડા, અને બાલ જલે જેમ ઘાંસજી (૨)
કંચન વરણી કાયા જલસે (૨) કોઇ ન આવે પાસ—
કર મન ભજન.

શેરી લગણ તો સુંદરી, ઝાંપા લગણ માબાપજી (૨)
તીરથસુધી બંધવો ભાઇ (૨) ખોરીને બાળે હાડ—કર મન
માતા તારી જનમ રોશે, બેની બારે માસજી (૨)
તેર દીવસ તારી ત્રીયા રોશે (૨) જાશે ઘરની બાહાર—કર
મન ભજન.

જ્યાં સરોવર નીર ભરીયાં, પ્રથમ ન બાંધી પાળજી (૨)
નીર સઘળા વહી જસે(૨)પાછલથી પરતાય—કર મન ભજન
મારૂં મારૂં મીથ્યા જાણો, જુઠો જગ વેહેવારજી,
નરસીયાના ન.થને ભજી લે (૨) ઊતારે ભવ પાર-કર મન.

૬૫

અલખ તારી રચના ન્યારી ન્યારી, ગુરૂજી તારી શોભા
અપરમપારી.

આહિલાને વારો વીરા, સુરતા સુધારી સદ ગુરૂસે કરી
લ્યો યારી (૨)
ભુલા પંખીડાને રાહ બતલાવે (૨) ડુબી મરે
અહંકારી—અલખ.

પાંચ ચોર કાયામેં બસતહે, ઉનકી સુરતા ન્યારી (૨)
પાંચ પકડકર એક બતલાવે (૨) હીરા નીપજે હજારી—
અલખ.

નાહી ધોઇ નર કરે ચતુરાઇ, એક પુંજા કરે બ્રહ્મજ્ઞાની (૨)
મુકતી જુગતીકા ભેદ ન જાણે (૨) પાખંડ પુંજે સંસારી-અ.

બીંદ્રાબંનકી કુંજ ગલીમેં મેરો, સાહેબો ખેલે નીઝારી,
ભણત પદમ ગુરૂ કરત વિંનતી (૨) અરજ સુણોને
હમારી—અલખ.

૬૬

અમને નુગરા મળજો એક મતી, સુગરા મળજો લાખ,
મળજો જતી સતી.

અલખને દરબાર મળજો, સાહેબને દરબાર મળજો જતી સતી.
ખેતર બગાડયું ખણસલે ને, સભા બગાડી કુડ ભાઇ ભાઇ

સંત બગડયા લાલચે, જેમ કેસર મળી ગઇ ધુડ—મળજો.
જતી સતી. અલખ
આંબો જાણી મેં સેવીયો, પણ આંબો પાકયો કૈલાસ
ભાઇ ભાઈ.
આંબે કેરી પેહેલ વેલી, અમને મળજો શાખ.—મળજો,
અંધેકુ કયા આરસી, અને કયા બેહેરેસે બાત ભાઇ ભાઇ,
કુડે નરકી ચાકરી, ઓર કયા લંગડેકા સાથ. મળજો-જતી.
હીરા ઝવેરની કોટડી, માંહે રતન જડેલા કમાડ ભાઇ ભાઈ,
નવ મહીને બેડી નાંગરી, એનો ઘડનારો ઘટમાંહી—મલજો.
જતીસતી.
કબીરની માયે કબીર જન્મીયા, કબી ન પાયા સુખ
ભાઈ ભાઇ,
ડાળે ડાળે કબીર ભટકયા, પાને પાને દુઃખ. મળજો-જતીસતી

૬૭

વીનંતી સુણો કાનડ કાળારે, મીઠી તારી મોરલી વાળા,
ગોમતીજી કાંઠે ઘરરે તમારા, નેશ હમારા હોય;
અડધી અંગનો ચારણ દેજો, રણછોડ છોગાળા—વીનંતી.

ચારસેં પાનસેં પોઠીડા દેજો, પાંચે સો ભેળા,
તેના સાચવતલ સાથીડા દેજે, રણછોડ છોગાળા—વીનંતી.
ચાર, પાંચ પુતર દેજે, પાંચે છોગાળા,
છઠી ઉપર ધીયડી દેજે, અણાત ઘોડાલા—વીનંતી.
કાળીઉ મેચું કુંઢીયું દેજે, ધણુના ટોળાં,
વાંકડે નેણે વવારૂ દેજે, ધુમાવે ગોળા—વીનંતી.
ડોઢીજ ને વળી ડેલીજ દેજે, ઉંચા પરથાળા
અંમલ તણા ગોળા દેજે, પીનારા બહોળા—વીનંતી.
ઉગમતે બારણે ઓરડા દેજે, જુગતે જાળીયાળા,
ભાઇ ભાણેજા ભેળા દેજે, વાતુના હીલોળા—વીનંતી.
ઉચુંરે દેવળ રણછોડજી તારૂં, બરડો અમારો દેશ,
પુનમતી ચારણ એમરે ભણેવાલા, લીલો રાખે નેશ—વી.

૬૭

દૂવં લાગ્યોરે ડુંગરીએ, અમે કેમ કરીએ,
કેમ કરીએરે, અમે કેમ કરીએ, અમે કયાં જઇ વસીએ-ટેક.
હાલવા જઇએ તો વહાલા, હાલીનવ શકીએરે,
બેસી રહીએ તો, અમે બળીમરીએ, અમે બળી મરીએ-દવ.

આરે વૃતીએ વહાલા, નથી ઠેકાણું રે,
પ્રવૃતીની પાસે, અમે ઉડી ફરીએ, અમે ઉડી ફરીએ-દવ.
સંસાર સાગર વહાલા, મહાજળ ભરીયોરે,
બાંહોડી ઝાલો, નીકર બુડી મરીએ, અમે બુડીમરીએ-દવ.
બાઇ મીરાં કહે પ્રભુ, ગીરધરના ગુણુ રે,
ગુરૂજી તારે તો, અમે સહેજેતરીએ, અમે સહેજે તરીએ-દવ.

६८

હરી મારે હૃદયે રહેજો, પ્રભુ મારી પાસે રહેજો.
જો જો ન્યારા થાતા રામ, તે દીનનો વીશ્વાસ છે. ટેક
ધના ભગતે ખેતર ખેડયું, વેણુ વાવી ઘેર આવ્યા
રામ—તે દીનનો.
સંતજનોના પાતર પુર્યા (૨) ધણાંના ગાડા ઘેર લાવ્યા
રામ—તે દીનનો.
જુનાગઢના ચોકમાં, જેઢી નાગરે હઠ લીધી રામ—તે
દીનનો.
નરસીયાની હુંડી લઇને (૨) દ્વારકામાં દીધી રામ—તે
દીનનો.

મીરાં બાઇને મારવા, જેદી રાણે હઠો લીધી રામ—તે દીન.
ઝેરના પ્યાલા અમૃત કરીયા (૨) ત્રીકમ ટાણે પધાર્યા
રામ–તે દીનનો.
ભીલડીના એઠાં બોર, તમે પ્રેમથી આરોગ્યા રામ—તે
દીનનો.
ત્રણ ભુવનના નાથ તમને (૨) મીરાં બાઇએ ગાયા
રામ—તે દીનનો વીશ્વાસ છે.

૬૯

જાય છે જુવાની તારી, આવે જરા છાની રેહો,
હરીના ભજન વીના જાય છે જુવાની.–ટેક
માયા મમતા મેલી દેનેજી, થ ને બડા જ્ઞાની ઓધા,
જરા ને જોબનીયું તારૂં, ઝ..વાનું પાણી રેહો–હરીના.
પીતા તારો પાસે ન આવેજી, ન આવે તારી નારી ઓધા,
બંધવ તારો બહાર ઉભો, જુવે વાળી વાળી રેહો–હરીના.
કુંચન જેવી કાયાજી તારી, મોતી જેવું પાણી ઓધા,
મુવા પછી બાળી દેસે, ઉડી જાસે વાની રેહો–હરીના.
વીદુરજીના વચન સુણીજી, વાતુ લેજો જાણી ઓધા,
મળ્યોરે મીઠાનો સ્વામી, વાતુ નહીરે છાની રેહો–હરીના.

૭૦

કીધી મુને ઘેલી ઓધા, કીધી મને ઘેલી રેહો,
કાનુડે કામણ ગારે, કીધી મને ઘેલી-ટેક.

શાળુડાની સુધ્ય ભુલીજી, ભાંગ પીધી લીલી ઓધા,
સેંથા ને ઠેકાણે મેંતો, ચોડી દીધી ટીલી રેહો-કાનુડે.

જળ જમુના ના ચ્યાતાંજી, માથે બેડું મેલી ઓધા
મુખડાની માયા લાગી, નવ શકું મેલી રેહો-કાનુડે.

ઘરડાનો ધંધો ભુલીજી, સોલશેં સાહેલી ઓધા,
વનમાં વગાડી વહાલે, મોરલી રંગીલી રેહો-કાનુડે.

આંખડીમાં એસી લાગીજી, અષાડોની એહુલી ઓધા,
મળ્યોરે મીઠાંનો સ્વામી, રંગ ગયોરેલી રેહો-કાનુડે.

૭૧

નાથ તુમ જાનત હો સબ ઘટકી, મીરાં ભકતી કરતે
પ્રગટકી-ટેક.

નાહી ધોઇને મીરાં લે સ્મરણી, તો પુંજા કરે સીતા પતકી;
સાલીંગરામકું તુલસી ચડાવે, તો ભાલ તીલક બીચ
ટીપકી-નાથ તુમ.

રામ મંદીરમાં મીરાંબાઇ નાચત, તાલ બજાવત ચુટકી,
ઝુમઝુમ ઝુમઝુમ બાજત ઘુઘરા, લાજ તજી ઘુંઘટકી–નાથ.
વીષના પ્યાલા રાણાજીએ મોકલ્યા, સાધુ સંગત મીરાં અટકી,
કરી ચરણામૃત પી ગઇ મીરાં, અમૃત જેસી ઘટકી–નાથ.
સુરત દોરાપર ચાલીએ ધારો, તો શીર ગાગરપર મટકી,
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ, સુરતા ચલી જેસી
નટકી–નાથ તુમ.

૭૨

ભાઇ મારો સાથીડો રીસાણો, તેને કોણ મનાવા જાય-ટેક.
કાચી માટીના ઘાટ ઘડુલા, તેપણ ફુટી જાય;
પરદેશીની પ્રીતડી તે, પલમાં તુટી જાય–ભાઇ મારો સાથીડો.
પીંજરમાંથી પોપટ હાલ્યો, પીંજર ઝોલા ખાય;
સરખી મળી સાહેલીઓ, કાંઇ અવળા મંગળ ગાય—
ભાઇ મારો સાથીડો.
પાંચ તત્વકા પીયુ હમારા, તે છોડયા કેમ જાય;
જ્ઞાન ગરીબી હૃદયમેં રખલે, થાનાર હોય તે થાય—
ભાઇ મારો સાથીડો.

સદ્‌ગુરૂજીકા સમરણ કરીને, હૃદય કમળ ખુલી જાય;
કહેત કબીરા સુનો ભાઇ સાધુ, વૈકુંઠ વાસી થાય--
ભાઇ મારો સાથીડો.

૭૩

મન માયામાં જાય, ભક્તિ કરૂં કેમ શ્રીહરી;
જીવ મારો મુંઝાય, ભક્તિ કરૂં કેમ શ્રીહરી-ટેક.
ઉઠું પ્રાત.કાળ, સાથે રડતાં ઉઠે બાળ;
એ તો મોટી જંજાળ, ભક્તિ કરૂં કેમ શ્રીહરી-મન૦
તેને સમજાવું ઝટ, તેની કરૂં ખટપટ;
તેને છાના રાખું ચટ, ભક્તિ કરૂં કેમ શ્રીહરી-મન૦
ત્યાં તો દીન ચડી જાય, પાઠ પુંજા ન થાય;
જીવ ધંધામાં જાય, ભક્તિ કરૂં કેમ શ્રીહરી-મન૦
નારી બોલે વચન, ઘરમાં થોડું છે અન્ન;
કાલ કયાંથી ભોજન, ભક્તિ કરૂં કેમ શ્રીહરી-મન૦
તમે કેમ થયા રાંક, કંઇક લાવો ને શાક;
એમાં મારો શો વાંક, ભક્તિ કરૂં કેમ શ્રીહરી-મન૦
નારી બોલે છે એમ, એને પહેરવા જોઇએ હેમ;
મારે કરવું તે કેમ, ભક્તિ કરૂં કેમ શ્રીહરી-મન૦

બધો જુઠો જંજાળ, નારી જોઇ ચડેછે કાળ;
બળે અગ્નીની ઝાળ, ભક્તિ કરૂ કેમ શ્રીહરી-મન૦
કહે વીઠુલ માહારાજ, પ્રભુ રાખો તમે લાજ;
કરો સેવકનાં કાજ, ભક્તિ કરૂં કેમ શ્રીહરી-મન૦

૭૪

ભજનગઢ, બાંધો મારા ભાઇ,
તમારી જમ, સાથે થાસે લડાઇ--ટેક.
ધ્રુવે બાંધ્યો, પ્રહલાદે બાંધ્યો,
અંબરીષ, મીરાંબાઇ--ભજનગઢ.
એમજ સંત, અનંતે બાંધ્યો,
ભય પામ્યા નહી કાંઇ--ભજનગઢ.
રામ નામનો, કિલ્લો કરીને,
ધર્મના કોઠા ચણાઇ--ભજનગઢ.
જ્ઞાન મોરચા, મોટા મંડાવી,
શાંન્તિની ખાઇ ખોદાઇ--ભજનગઢ.
મનનું જીન, શરીરને ઘોડે,
સુરતા લગામ લગાઇ--ભજનગઢ.

રામ નામ, શમસેર બજાવી,
ભલી રણ જગમાં બાઇ—ભજનગઢ.
કહેત કબીરા, સુનો ભાઈ સાધુ,
જીતશુ ત્યારે લડાઇ—ભજનગઢ.

૭૫

શું કરૂં રાજ તારૂ, શું કરૂ પાટ તારૂં, ચીતડા ચોરાણા
તેને શુંરે કરૂં—ટેક.

ભુલી ભુલી રાણા, ઘરડાના કામ;
અન્નડા ન ભાવે નેણે (૨) નીદ્રા હરામ—તેને શુંરે કરૂં.
માવા તારી વાંસલડીમાં, ભરી મોણવેલ;
ઘડીક ઉભેરાં રહોતો (૨) ભરી લઉં હેલ—તેને શુરે કરૂં.
ઉભી ઉભી બજારમાં, ગજ ચાલ્યો જાય;
શ્વાન ભસે તેને (૨) લજ્જા ન લગાર—તેને શુંરે કરૂં.
ઘણું સમજાવે રાણા, નગરના લોક;
વનડાનું વાંકુળ તેને (૨) શીખામણ ફોક—તેને શુરે કરૂં.
બાઇ મીરાં કહે પ્રભુ, ગીરધરના ગુણ;
તમને ભજીને હુંતો (૨) થઇછું ન્યાલ—તેને શુરે કરૂં.

૭૬

કાચબો કાચબી જળમાં રહેતાં, હતાં હરીના દાસ,
હતાં હરીના દાસ;
દરશન કારણ બારણે આવ્યા (૨) રાખીને વીશ્વાસ,
પારાધીએ નજરે ભાળ્યા (૨) ઝાલીને બાંધી માર્યાંજી
કળકળમાં કાચબી કુડી, રામૈયાની રીત છે રૂડીજી—ટેક.
કાચબો કહેછે કાચબીને, તું રાખ્યને ધારણ ધીર, રાખ્યને
ધારણ ધીર;
આપણને ઉગારશે (૨) વહાલો જુગતે જાદવ વીર,
ચીંતા મેલી ચરણે આવો (૨) મરવા તુને નહી દે
માવોજી-કળકળમાં.
વારતીતી તે વખતે મારૂં, કંથ ન માન્યું કહેણ,
કંથ ન માન્યું કહેણ;
કાળ આવ્યો કોણ રાખશે (૨) ત્યારે નીચા શું ઢાળો નેણ,
પ્રભુ તારો ન આવ્યો પ્રાણી (૨) માથે આવી મોત નીશા-
નીજી—કળકળમાં.

અબળાને ઇતબાર ન આવે, કરીએ કોટી ઉપાય,
કરીએ કોટી ઉપાય;
કહ્યું ન માને કોઇનું (૨) એતો ગાયું પોતાનું ગાય,
એવી વીશ્વાસ વીનાની (૨) પ્રથમ પહેલી મત છે
પાનીજી—કળકળમાં.

કાચબી કહે છે કયાં ગયો, તારો રાખણહારો રામ,
રાખણહારો રામ;
પ્રાણ ગયા પછી પોંચસે (૨) આવી શું કરશે તારા શ્યામ,
મરવા ટાણે મતી મુઝાણી (૨) તુટયા પછી ઝાલવું
તાણીજી—કળકળમાં.

ત્રીકમજી ત્રણુ લોકમાં મારે, તમારો ઇતબાર, તમારોઇતબાર;
અટક પડી હરા આવજો (૨) મારા આતમના આધાર,
છોગાળા વ્હાર છે છેલ્લી (૨) થાજો બળતાંના બેલીજી-કળ.

કાચબી કહે હવે કોણ ઉગારે, જાતો રહયો જુગદીશ,
જાતો રહયો જુગદીશ;
ચારે દીશાએ સળગી ગયું (૨) આવ્યાં વીચો વીચ,
આમાંથી જો ઉગરીએ (૨) પાણી બહાર પગ ન
ભરીએજી—કળકળમાં.

બળતી હોય તો બેસને મારી, પીઠ પર રાખું પ્રાણ,
પીઠ પર રાખું પ્રાણ;
નીંદા ન કર મારા નાથની (૨) ઘેલી મારેછે મુજને બાણ,
વહાલો મારો આવશે વ્હારૂ (૨) આમાથી ઉગારવા;
સારૂજી—કળકળમાં.

કાચબી કહે કીરતાર ન આવ્યો, આપણો આવ્યો અંત,
આપણો આવ્યો અંત;
હુરી નથી કોઇના હાથમાં (૨) તેનો તમે શું બાંધ્યો તંત,
જેનો વીશ્વાસછે તારે (૨) તેનો ઇતબાર ન મારેજી-કળકળમાં.

વીઠલજી મારી વ્હારે ચડજો, શામળા લેજો સાર,
શામળા લેજો સાર;
લાજ લોપાશે લોકમાં (૨) પછી બીજી કોની વ્હાર,
હુરી મારી હાંશી થાશે (૨) પ્રભુ તારી પતીત જાશેજી—
કળકળમાં.

કેશવજીએ કરૂણા કીધી, મોકલ્યા મેઘ મલ્હાર,
મોકલ્યા મેઘ મલ્હાર;
આંધણથી ઉગારીયાં (૨) આવી કાચબાને કીરતાર,
ભોજો કહે ભરોસો જેને (૨) શ્રીકમજી તારશે તેનેજી-કળ.

૭૭

રાજા રામ અવતર્યા, એ વહાલે મારે,
પાણી ઉપર પાળ, બાંધી એ–તેઆ, તેઆ, તેઆ, તેઓ;
અમે તમે આરાધીએજી, તેઆ, તેઆ, તેઆ, તેઆ–ટેક.
રાજા રાવણને, રણમાં રોળ્યો,
રાજ વિભીષણને, આલ્યો એ—તેઆ, તેઆ, તેઆ,
તેઆ, અમે તમે.
નરશી મહેતાને વહાલે, નાણાવટી કીધો,
હુંડી શીકારી હાર, આલ્યો એ-તેઆ, તેઆ, તેઆ, તેઆ, અમે.
નાગરી ન્યાતમાં, લજ્જા રાખી,
કુંવર બાઇનું મામેરૂં, પુર્યું એ—તેઆ, તેઆ, તેઆ,
તેઆ, અમે તમે.
દ્રૌપદીની વહાલે, લજ્જા રાખી,
ત્રાગડે ત્રાગડે ચીર, પુર્યાં એ—તેઆ, તેઆ, તેઆ,
તેઆ, અમે તમે.
કપટી કૌરવને, ઝાંખા કીધા,
પાંડવોને ઉજળા, કર્યા એ-તેઆ, તેઆ, તેઆ, તેઆ, અમે.

વૃંદ્રાવનમાં, ગૌધણુ ચારી,
વ્રજનારી સંગ, રમ્યા એ—તેઆ, તેઆ, તેઆ,
તેઆ, અમે તમે.

ગોકુલથી વહાલો, મથુરાં પધાર્યા,
મામા કંસને, માર્યો એ—તેઆ, તેઆ, તેઆ,
તેઆ, અમે તમે.

નામાનો આ, સ્વામી શામળીયો,
સાંભળ લોચા, કહું છું એ-તેઆ, તેઆ, તેઆ, તેઆ,
અમે તમે.

સાન કરીને, તુજને સમજાવુ,
મારૂં વચન, માની લે એ—તેઆ, તેઆ, તેઆ,
તેઆ, અમે તમે.

૭૮

લોભી, આતમને સમજાવું;
મારા, સદગુરૂજીને, પુછું રૂડા જ્ઞાન બતાવેજી—ટેક.
હંસલા મેલી, બગલાને કોણુ શેવે;
બગલા, બાહેર ધોળાને, મનના મેલા—મારા૦

હીરલા મેલી, પથરાને કોણ શેવે;
પથરા, બાહેર ભીનાને, અંદર કોરા—મારા૦
કેશર મેલી, કેસુડાને કોણ શેવે;
કેસુડા, બાહેર રાતાંને, મુખના કાળા—મારા૦
સુગરા મેલી, નુગરાને કોણ શેવે;
નુગરા, નીચ્ચે નરકે, લઇ જાવે—મારા૦
સોભાજીનો, ચેલો દેવો પંડીત બોલ્યા;
મારા, સતોનો, બેડલો સવાયો—મારા૦

૭૯

ના વીસારીએ રૂડા, હૃદયમાંથી રામ, ના વીસારીએ-ટેક.
હરતાં જઇએ, ફરતાં જઇએ, કરીએ ઘરનું કામ;
હરીગુણ ગાતાં, જીભલડી તુને, શું બેસેછે દામ—ના વીસા.
પગ આપ્યા, તીરથ કરવા, હાથ શેવા કરવા શ્યામ;
નયન આપ્યા, પ્રભુ નીરખવા, કીરતન સાંભળવા કાન-ના વી.
હુ તુને વારૂં, જીભલડી તું, હેદયને આળ પંપાળ,
એક દીન એવો આવશે, જેમ માતા વછોડે બાળ-ના વીસા.
માનવનો, અવતાર ફરી ફરી, નહીં મળે મન આનંદ
આવ્યા તેવા, ચાલતા જાશો, મુકી માન ગુમાન—ના વીસા.

કેશવ કહે, સાંભળ પ્રાણી, કહેવું મારૂં માન;
અરધે વચને, આપ્યું છે, ગજ ગુણીકાને વૈમાન--ના વીસા.

૮૦

જેશળ કરીલે વીચાર, માથે જમ કેરો માર, સ્વપના જેવો આ સંસાર;
તોળી રાણી કરેરે પુકાર, આવોને જેશળરાયજીરે,
પ્રેમ થકી આપણ મળીએરે, પુરા સત હોય ત્યાં જઇ ભળીએરે હોજી હોજી.
અનુભવી આવ્યો છે અવતાર, સાચા સદ્ગુરૂ ધાર, જાવું મારે ધણીને દુવાર;
બેડલો ઉતારે ભવપાર, આવોને જેશળરાયજીરે--પ્રેમ થકી.
ગુરૂના ગુણનો ન પાર, ભક્તિ ખાંડા કેરી ધાર, નુગરો શું જાણે ગ
એનો એળે ગયો અવતાર, આવોને જેશળરાય
ચંદ્ર સુરજ વસે છે આકાસ, નવ લક્ષ

સહુ લોક કરે એની આશ

છીપ તો સમુદ્રમાં થાય, એની ધન્યરે કમાય, સ્વાંતીના
મેહુલા વરસાય;
ત્યાં તો સાચા મોતી થાય, આવોને જેશળરાયજીરે–પ્રેમ.
મોતી એરણમાં ઓરાય, પડે માથે ઘણ કેરા ઘાય,
ફટકીયા ફુટી જાય;
સાચાની ખળે ખબરૂં થાય, આવોને જેશળગાયજીરે-પ્રેમ,
નવ લક્ષ કોથળી બધાય, ત્યારે પુરા ગાંધીડા કહેવાય,
હીરા માણેક હાટે જઇ વેચાય;
એતો મુલે મોંઘા થાય, આવોને જેશળરાયજીરે–પ્રેમ થકી.
જીવની ગતી ગુરૂની પાસ, જાણું મેં કસ્તુરીની વાસ,
તોળી રાણી તેજનો અંબાર;
સેવકોની લેવા આવે સાર, આવોને જેશળરાયજીરે–પ્રેમ.
નીત્ય નીત્ય ઉઠી નહાવા જાય, કોયલા ઉજલા ન થાય,
ગુણોકાનો બેટો બાપ કોને કહેવા જાય.
ગ ના વેડાય, આવોને જેશળરાયજીરે–પ્રેમ થકી.
ને જાય, એ તો નર અધુરીયાં કહેવાય,
થમાં દીવો લઇને કુવે પડવા જાય;
ય.આવોનેજેશળરાયજીરે-પ્રેમ.

૮૧

મેતો કીધી છે ઠાકર થાળી, પધારો વનમાળી,
વનમાળી—ટેક.

મેં ગરીબ તેરી દાસી,
છઊં તમ દરશનની પ્યાસી,
દાસીની પુરજો આસી—પધારો.
ભાત ભાતના લાવું મેવા,
તમે આરોગો વાસુદેવા,
ભુવનીયે રજની રહેવા—પધારો.
નથી નથીએ દ્રાક્ષ ખજુરી,
નથી નથી બાસુંદી ને પુરી,
મારે સાસુ નણંદ ની સુળી—પધારો.
જળ જમુનાની ભરી લાવું ઝારી,
તમે આચમન કરો ગીરધારી,
પછી આપું હું પાન સોપારી—પધારો.
મેતો તજી છે લોકની શંકા,
સાહેબકા ઘર હે બંકા,
મીરાંબાઇએ દીધા ડંકા—

૮૨

બીડી પાનકી, નાગર વેલકી,
લેતા જાવોરે, સામળીયા, બીડી પાનકી–ટેક.
કાથો ને ચુનો માંહે, લવીંગ સોપારીરે–હાં–હાં–હાં,
એલચી ડાલી હે, સન્માનકી, સન્માનકી–લેતા જાવોરે.
એક એક બીડી મારી, સાસુ નણંદકીરે–હાં-હાં-હાં;
દુસરી બીડી હે, છોટે શ્યામકી, છોટે શ્યામકી–લેતા જાવોરે.
તેરી બંશીમેં પ્યારે, સબ જુગ મોહયારે--હાં હાં-હાં,
બેઠીયા મોહીરે, બ્રખુભાનકી બ્રખુભાનકી–લેતા જાવોરે.
આવો શ્રી કૃષ્ણ પ્યારે, ચૉપટ રમીએરે–હાં-હાં–હાં;
બાજી બનાવી, સારી રેનકી, સારી રેનકી–લેતા જાવોરે.
કૃષ્ણ જીવન લખી, રામકે ઠાકોર પ્યારે-હાં–હાં-હાં;
જોડી બની છે, રાધે શ્યામકી, રાધે શ્યામકી–લેતા જાવોરે.

૮૩

ન મેરા, રામ બીના નહીં તેરા,
નહી તેરા, હો મન મેરા, રામ બીના
નહીંતેરા—ટેક.

માત પીતા સુત, ભ્રાત ભગીની (૨)
એની બોલે ભાઇ મેરા—હો મન મેરા.
ધન દોલત તેરે, કુટુંબ કબીલા (૨)
નહી ચલે સંગ તેરા—હો મન મેરા.
અંતકાળે હંસા, તું પસ્તાશે (૨)
જમડે જબ ગઢ ઘેરા—હો મન મેરા.
રામ નામ તેરે, સગ ચલેગો (૨)
છતી આંખે કયું અંધેરા—હો મન મેરા.
ભજન મંડળ પ્રભુ, તોરે ચરણમેં (૨)
મીટાદે ચોરાશીકા ફેરા—હો મન મેરા.

૮૪

નાથ તમે તુળશીને પત્રે તોળાણા,
એવા ગુણ તો ગોવિંદના ગવાણા—ટેક.
ડાણે બહુનામી ને શેવ્યા, બોલડીએ રે બંધાણા
કૃપા કરીને પ્રભુજી પધાર્યા, ડાકોરમાં દરશા
ગુગળી વાંસે ગોતવા આવ્યા, અબળીએ
વાવમાં વહાલોજી આપ બીરાજે, ૨

હેમ બરોબર મુદ્રા કરીને, વાલ સવામાં તોળાણા;
બ્રામણને મોંઠાપણ આપ્યું, સંતને વચને વેચાણા—નાથ.
મધરે ગુજરાતમાં રચીરે દુવારકા, વેદ પુરાણે વખાણા;
હરીગુરૂ વચને ગાય વાળોલાઓ, જગત બધીમાં જણાણા
—નાથ તમે.

૮૫

વાર્યો મારા વીરારે, સંગ ન કરીએ નીચનો રેજી,
નીચપણુ નીશ્ચે નરકે લઈ જાય—ટેક.
ગરવી ગાયના દુધરે, અતી ઘણા મીઠડાં રેજી,
સાકર ભેળે, સ્વાદ અદકેરો થાય—વાર્યો.
આંકડીઆના દુધરે, અતી ઘણા ઉજળારેજી,
તે પીધે, તરત મૃત્યુ થાય—વાર્યો મારા.
ગાની છાંયારે, દીસે રળીઆમણી રેજી,
પ્રાપ્તિ થાય—વાર્યો મારા.
ચીરાં બોલીયાંરેજી,
ગની માંય—વાર્યો મારા.

જળ જમુનાના, ભરવાને ગયાંતા, જળ જમુનાના હરી;
ભરવાને ગયાતાં, શીરપર ગાગર ધરી—અંતરમાંથી.
આણીતીરે ગંગા, પેલીતીરે જમુના, આણીતીરે ગંગા હરી;
પેલીતીરે જમુના, મુખપર મોરલી ધરી—અંતરમાંથી.
વંદ્રાવનની, કુંજ ગલનમેં, વંદ્રાવનની હરી;
કુંજ ગલનમેં, ગૌધેન ચારો ફરી—અંતરમાંથી.
બાઇમીરાં કહે પ્રભુ, ગીરધરના ગુણ બાઇમીરાં કહે પ્રભુ હરી,
ગીરધરના ગુણ, ચરણ કમળમાં ઢળી—અંતરમાંથી.

૮૯

કાનુડો શું જાણે મારી પ્રીત, બાઇ અમે બાળ કુંવારારે,
કાનુડો શું જાણે મારી પ્રીત—ટેક.
જળ જમુનાના અમે, ભરવાને ગયાતાં વહાલા;
કાનુડે ઉડાડયાં આછાં નીર, ઊડયાં ફરરરરરરરે—કાનુડો.
વંદ્રા તે વનમાં વહાલે, રાસ રચ્યો છેરે;
સોળસેં ગોપીના ખેંચ્યા ચીર, ફાટયાં ચરરરરરરરે—કાનુડો.
જમુનાને કાંઠે વહાલો, ગૌધેન ચારેરે;
વાંસળી વગાડી ભાગ્યા ઢોર, ભાગ્યા ભરરરરરરરે—કાનુડો.

હું તો વરણાગી કાના, તમારારે નામનીરે;
કાનુડે તાણીને માર્યા તીર, વાગ્યા અરરરરરરરે—કાનુડો.
બાઇ મીરાં કહે પ્રભુ, ગીરધરના ગુણરે,
કાનુડે બાળીને કીધાં ખાખ, ઉડી ફરરરરરરરે—કાનુડો.

૯૭

ઐસે પાપી નર હોવેંગે, ઐસે કુડે નરહોવેંગે કળયુગમેં-ટેક.
પઘડી બાંધે, પેચ સંભાલે, ઠુમક ઠુમક પાંવ દેઇંગે
રામજી, ઠુમક ઠુમક પાંવ દેઇંગે;
ગલીયોંકે બીચ ફીરે બાવરો, નાર પરાઇ પાપી તકતા
ફીરેંગે કળયુગમે—ઐસે.
ભુખ્યે પ્યાસે સાધુ આવે, ચપટી ચુન ન દેઇંગે રામજી,
ચપટી ચુન ન દેઇંગે;
જબ રાજાકો દંડ પડેગો, રોક રૂપૈયા પાપી ગીન ગીન
દેઇંગે કળયુગમેં—ઐસે.
માત બેનકું કછુ ન ગીનેગો, દીલ બીચ પાપ ધરેગો
રામજી, દીલ બીચ પાપ ધરેંગો;
સાલા સંધવા નીત્ય જીમાવે, ભાઇઓસે પાપી બૈર
કરેગે કળયુગમેં—ઐસે.

લાલ ખંભ લોહેકા ધગાયા, ઉનસે બાથ ભરેંગે રામજી,
ઉનસે બાથ ભરેંગે;
તુલશીદાસ ભજો ભગવાના, પાપ ધરમ દોનું સંગમેં
ચલેંગે કળયુગમેં—ઐસે.

૯૧

અરજી સુણજો મોરીરે, મારો ચરખો બોલે,
રામ નામ ભજ તુંહી રામ, તુંહી, રામ તુંહી—ટેક.
જળ ઉપજ્યો થળ નીપજ્યો, ને જળમાં કીધો વાસ;
એક અચંબો એવો સુણ્યો, બેટીએ જનમ્યો બાપ—અરજી.
બેટી કહેછે બાપને મારે, અણજાયો વર લાવ;
અણજાયો વર ના મળે તો, તારે મારે ઘર વાસ—અરજી.
ચરખો મારો અજબ રંગીલો, પુણીઓ લાલ ગુલાલ;
કાંતનવાલી છેલ છબીલી, કાંઇ આકાસે નાખે તાર—અરજી.
રૂ પીંઝાવા હું ગઇને, પીંઝો પીંઝારા ભાઇ;
પીંઝણ પીંઝારાને ખાઇ ગઇ, ત્યારે સદ્દગુરૂ અક્કલ
બતાઇ—અરજી.
માતા મરજો પીતા મરજો, મરજો ઘર ભરથાર;
એક ન મરો મારે છેલ સુતારી, ચરખાનો ઘડનાર—અરજી.

રામદાસનો ભણે કબીરો, આ ચરખો કહેવાય;
ચરખાને જે ફેરવે, તેનું જનમ મરણ મટી જાય—અરજી.

૯૨

મારી નાડ તમારે હાથે, હરી સંભાળજોરે—ટેક.
પથ્યા પથ્ય નથી સમજાતું, અંતર દુઃખ રહે ઉભરાતું;
મને હશે શું થાતું, નાથ નીહાળજોરે—મારી.
અનાદી વૈદ્ય પ્રભુ આપછો સાચા, કોઇઉપાય વિષેનથી કાચા;
દીવસ રહયા હવે ટાંચા, વેળા વાળજોરે—મારી.
વિશ્વેશ્વર શું હજુએ વિચારો, બાજી હાથ છતાં કાં હારો;
મહા મુંઝારો મારો, નટવર ટાળજોરે—મારી.
કેશવ હરી મારૂં શું થાશે, ઘાણ વળ્યો કાયા ગઢ ઘેરાશે;
લાજ તમારી જાશે, ભુદર ભાળજોરે—મારી.

૯૩

સંસારમાં કોણ નાના કોણ મોટા, ભજન વિના ખાશો
જમના સોટા—ટેક.
આરે કાયાને તમે એવીરે જાણજો, પાણી તણા પરપોટા;
જીવવું થોડું ને જંજાલ ઘણોરે, વેપાર કરવા ખોટા-સંસા.

આરે કાયાને તમે ડાધરે લાગતા, નીત્ય નહાતાને નીત્ય ધોતા;
માથે તેલ ફુલેલ લગાડતા, સુંઘે ગુલાબના ગોટા—સંસા.
સોનાની થાળીએ ભોજન જમતા, પીવા કંચનના લોટા;
છત્રપતીતો ચાલ્યા ગયા, તેના પડી ગયા છે ટોટા—સંસા.
ખાતાંને પીતાં ખુબીયું કરતા, દુધ સાકરને ચોખા;
ઓચીંતાના જમડા આવશે, પછી થાશે તમને ધોખા-સં.
નર નારીને ફાલ ફુલ બેસશે, ટોયા થઇને ટોટા;
ખોળામાં આપીને ખેંચી લેશે,પછી રહેશો તમેરે રોતાં-સં.
દેવ દરશન તમે મેલી કરીને, ભાંડ ભવાયા જોતા;
નારીના લુગડા નર પહેરતાં, મુરખના મન મોહતા—સં.
આરે નેણુંમાં નીંદ્રા ઘણેરી, સેજ પલંગમાં સુતા;
ગુરૂને પ્રતાપે જીવણ બોલ્યા, જાણે જનમ્યા નહોતા—સં.

૯૪

ભક્તિ એવીરે બાઇ એવી, તરશ્યાને પાણી જેવી—ટેક.
એક જુવંતી જળ ભરવા જાયે, સામી સખીઓથી વાતોથાયે;
માથે બેડુંને લીયે તાળી, મુખે હસેછે વારી વારી,
બેડું ચીતથી નથીરેવીસરવું, એવું હરી ચરણે ચીતધરવું-ભ.

એક ચોર તે ચોરી કરેછે, પર મંદીર ફેરા ફરેછે;
વળી મોઝમ રાત અંધારી, મુરખ ડરતો નથીરે લગારી,
પારકું ધન પોતાનું કરવું, એવું હરી ચરણે ચીત ધરવું—ભ.
એક ભ્રમર કમળમાં રહેછે, તેને વાસના કેવી ગમેછે;
સાંજ પડીને કમળ બીડાયું, અકળાયોને ક્યાંઇ ન જવાયું,
એને કમળની પ્રીતે મરવું, એવું હરી ચરણે ચીત ધરવું-ભ.
એક મુંઢ મતી નર જેહ, પરનારીની સાથે સ્નેહ,
જાયછે અધમ અધમ ડગ ભરતો, પરનારીની પુંઠે ફરતો,
એને શુળીની પેરે ડરવું, એવું હરી ચરણે ચીત ધરવું-ભ.
એક જળ મધ્યે માછલી રહે છે, જળ મધ્યે આનંદ કરેછે;
કોઇ પાપીએ બારણે કાઢી, થઇ છે વ્યાકુળ ને પડી ટાઢી,
એને જળ વીનાનું મરવું, એવું હરી ચરણે ચીત ધરવું—ભક્તિ.
જેમ બપૈયાને વરસાદ વહાલો, એવી હરીની ભક્તિ તમે ઝાલો,
કહે છે કલ્યાણ એણી પેરે તરવું, એવું હરી ચરણે ચીત ધરવું—ભક્તિ.

૯૫

વારી જાઉંરે શામળીઆ, શરણે રાખજોરે–ટેક.
અધમ ઉધારણ છો તમે સ્વામી, હું કપટી ને ક્રોધી કામી;
મહેર કરીને મારા હૃદયે, આવજોરે–વારી.
હરી સ્મરણ મેં કાંઇ ન કીધું, ધાઇ ધુતી ધન ભેળું કીધું;
વીનતી મારી છે એજ અરજ, ઉર ધારજોરે–વારી.
નારાયણનુ નામ ન જાણ્યું, પરદારામાં મન લપટાણું,
શરણે આવ્યો છું નાથ મને, સંભાળજોરે–વારી.
લખીરામના સ્વામી શામળીઆ, મહેર કરીને મુજને મળીયા,
મળીઆ સૌને સવાયું લેહેર્યું, આવજોરે–વારીજાઊંરે.

૯૬

કાનુડા તારી, મોરલી અમને, દુઃખડા દીએછે દાડી દાડી-ટેક.
માઝમ રાતની, મધુરા સ્વરની વહાલાજી, મોરલી
કેણે વગાડી;
હુંરે સુતીતી મારા, શયન ભુવનમાં મુને, નીંદ્રામાંથી
જગાડી—કાનુડા તારી.

સાસુ સસરાથી, અછતી હું ઉઠી વહાલાજી, હળવે
હળવે બાર ઉઘાડી;
વ્યાકુળ થઇ હું તો, તનડામાં મારા, પહેરતાં ભુલી ગઇ
સાડી—કાનુડા તારી.
કયોરે કબાડી તુને, કાપીને લાવ્યો વહાલાજી, કયેરે
સુતારે તુને સવાંરી;
શરીર જોને તારૂં, સંઘાડે ચડાવી તારા, પંડડામાં
છેદ્દ પડાવી—-કાનુડા તારી.
મોરલી કહે હું, કામણગારી વહાલાજી, હું છુ વ્રજકેરી નારી;
બાઇ મીરાં કહે પ્રભુ, ગીરધરના ગુણ વહાલા, તનડામાં
તાપ સમાવી—-કાનુડા તારી.

૯૭

લાગ્યા શબ્દના બાણરે, એના પ્રેમે વીંધાયલ પ્રાણ,
ભજનમેં, ખુબ ખેલના હોજીવોરે, જેને લાગ્યા શબ્દના
બાણજી—ટેક.
સાહેબકા ઘર દુર હે બંદા, જેસી લંબી ખજુર;
ચડેતો રામરસ ચાખલે મન, પડેતો ચકમાચુર—ભજનમેં.

માખી બેઠી મધપે બંદા, પાંખડીયે લપટાય;
ઉડણકા સંશય ભયા મન, સમજ સમજ પસ્તાય—ભ.
તેરા સાહેબ તુજમેં બંદા, જ્યું પથરમેં આગ;
જો ચાહે દીદારકું મન, ચકમક હોઇને લાગ—ભજનમેં.
કયા બખ્તરકા પેહરના બંદા, કયા ઢાલોકી ઓથ;
શુરા હોય તે સનમુખ રહેવે, એક ભજનકી ચોટ—ભજન.
હાડ જલે જ્યું લકડી જલે, અને જલ જલ જલે શરીર;
રામાનંદીકી ફોજમેં એક, સનમુખ લડે કબીર—ભજન.

૯૮

શું કરવું છે મારે, શુંરે કરવું છેરે,
હીરા માણેકને મારે, શું કરવું—ટેક.
મોતીની માળા રાણા, શું કરવી છેરે,
તુળશીની માળા લઇને, પ્રભુ ભજવું છેરે—હીરા.
હીરના ચીર રાણા, શું કરવાં છેરે;
ભગવી ચીંથરીઓ પહેરી, મારે ફરવું છેરે—હીરા.
મહેલને માળ રાણા, શું કરવાં છેરે;
જંગલ ઝુંપડીએ જઇને, મારે વસવું છેરે—હીરા.

બાઇ મીરાં કહેછે પ્રભુ, ગીરધરના ગુણરે;
અમર ચુડલો લઇને, મારે મરવું છેરે–હીરા.

૯૯

હરી શાઇ મંગવાઇ, દોત કલમ—ટેક.

દોત કલમ હરી શાઇ મંગવાઇ, પુરજા લખી બનાઇ
રામજી, પુરજા લખી બનાઇ,
પહેલે નામ લીખો હરી અપનો, પીછે લખી લછમનકી
લડાઇ–દોત કલમ.
મેઘનાદ રાવનકો બેટો, ઉભો ચાંપ ચડાઇ રામજી;
ઉભો ચાંપ ચડાઇ;
હે કોઇ ઐસા દલમેં યોધ્ધા, સનમુખ હોકે મોસે
કરત લડાઇ—દોત કલમ.
શક્તિકો બાણ છુટો લછમનકો, લગો ભુજામેં જાઇ
રામજી, લગો ભુજામેં જાઈ;
ભુજા ઉડી સો ગઇ મંદીરમે, શીશ ઉડે જહાં બેઠે રઘુરાઇ-દો.
મંદીરસે એક મદ ભરી નીકસી, નયન નીર ભર લાઇ
રામજી, નયન નીર ભર લાઇ;
તુલસીદાસ ભજો ભગવાના, મેઘનાદ યોધ્ધા હાર ગયો
લડાઇ—દોત કલમ.

પદ.

સૌનું કરો કલ્યાણ, દયાળુ પ્રભુ,
સૌનું કરો કલ્યાણ. (ટેક)
નરનારી પશુ પક્ષીની સાથે (૨)
જીવ જંતુનું તમામ-દયાળુ પ્રભુ સૌનું૦
જગના વાસીઓ સૌ સુખ ભોગવે (૨)
આનંદે રહી આઠો જામ-દયાળુ પ્રભુ સૌનું૦
દુનિયામાં દરદ દુકાળ પડે નહીં (૨)
લડે નહીં કોઇ ગામ-દયાળુ પ્રભુ સૌનું૦
સર્વે જગે સુખકારી વધે ને (૨)
વળી વધે ધન ધાન્ય-દયાળુ પ્રભુ સૌનું૦
કોઈ કોઇનું બુરૂં ન ઇચ્છે (૨)
સૌનું ઇચ્છે સૌ સમાન-દયાળુ પ્રભુ સૌનું૦
પોત પોતાના ધર્મ પ્રમાણે (૨)
સર્વ ભજે ભગવાન-દયાળુ પ્રભુ સૌનું૦

અચ્યુત કેશવં રામ નારાયણમ્
કૃષ્ણ દામોદરં વાસુદેવં હરિમ્ ।
શ્રીધરં માધવં ગોપિકાવલ્લભમ
જાનકી નાયકં શ્રીરામચંદ્ર ભજે ॥

અનુક્રમણિકા.